THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

{ श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः }

श्री

# आत्मानन्द प्रकाश.

{ सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः }

शान्तिः स्वान्तप्ररूढा भवति भवततिभ्रान्तिरुन्मूलिता च
ज्ञानानन्दोह्यमन्दः प्रसरति हृदये तात्त्विकानन्दरम्यः ।
अर्हद्वाणीविनोदो विशदयति मनः कर्मकक्षानलाम्भः
आत्मानन्दप्रकाशो यदि भवति नृणां भावभृद्-हृद्विकाशः ॥

पुस्तक १२. } वीर संवत् २४४१ चैत्र.. आत्म सं. १९. { अंक ९ मो.

प्रकाशक—श्रीजैन आत्मानन्द सभा. भावनगर.

## વિષયાનુક્રમણિકા.

| નંબર. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|
| ૧ | પ્રભુ સ્તુતિ ... ... ... | ૨૩૩ |
| ૨ | પન્યાસજી શ્રીમદ્ દાનવિજયજી મહારાજનું વ્યાખ્યાન ૮ મું... ... | ૨૩૪ |
| ૩ | વ્યવહારથી શું ધર્મ પ્રાપ્ત થાય છે ? | ૨૪૨ |
| ૪ | યતિઓની સાહિત્ય સેવા. ... | ૨૫૦ |
| ૫ | એક મનોરંજક પ્રભાત. ... | ૨૫૧ |
| ૬ | ચર્ચાપત્ર. ... ... ... | ૨૫૯ |
| ૭ | શ્રી જૈન શ્વેતામ્બર શ્રી સંઘકી સેવામેં અપીલ. ... ... | ૨૬૦ |
| ૮ | વર્ત્તમાન સમાચાર.... ... | ૨૬૨ |

વાર્ષિક—મૂલ્ય રૂા. ૧) ટપાલ ખર્ચ આના ૪

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલુભાઇએ છાપ્યું—ભાવનગર.

# બારમા વર્ષની અપૂર્વ ભેટ.

## આ સભાને ચાલતા વર્ષના જેઠ માસમાં વીશમું વર્ષ બેસતું હોવાથી તેની ખુશાલીમાં શ્રી શ્વેતામ્બરીય જૈન ગ્રંથ માર્ગદર્શક યાને જૈન ગ્રંથ ગાઇડ નામનું એક ઉમદા અને દળદાર પુસ્તક ભેટ.

અમારા માસિકના માનવંતા કદરદાન ગ્રાહકોને જણાવવા રજા લઈએ છીયે કે આ વર્ષનો આ નવમો અંક છે. આ વર્ષને પુરૂં થવાને માત્ર ત્રણ માસ બાકી છે, દરમ્યાન આ સભાને એક માસ પછી જેઠ માસમાં વીસમું વર્ષ બેસતું હોવાથી તેની શરૂઆતમાંજ અમારા ગુરૂભક્ત ગ્રાહકોને જેમ દર વર્ષે દ્રવ્યાનુયોગ કે ચરિતાનુયોગનો અપૂર્વ ગ્રંથ ( જે દરવર્ષેજ ભેટ આપવાનો નિયમિત ક્રમ માત્ર અમારોજ છે તે ) સભાના ધારા મુજબ સુમારે દશથી અગ્યાર ફારમનો ગ્રંથ ભેટ અપાય છે, તેને બદલે આ વર્ષે આ સભાને વીશમું વર્ષ બેસતું હોવાથી તેની ખુશાલીમાં સુમારે **ત્રીશ ફારમનો, ઉંચા ઇંગ્લીશ કેટ્રીજ પેપરમાં સુંદર ટાઇપથી છપાવેલ, સુંદર ચળકતા સોનેરી રંગીન કપડાથી પાકી બાઇડીંગ કરેલો, સુમારે અઢીશંહ પાનાનો અમુલ્ય ગ્રંથ જે કે શ્રી શ્વેતાંબરીય જૈન ગ્રંથ માર્ગદર્શક યાને જૈન ગ્રંથ ગાઇડ નામનો ગ્રંથ, જેના કે પ્રયોજક** ઉપાધ્યાય શ્રીમદ વીરવિજયજી મહારાજના શિષ્ય શ્રી વિનયવિજયજી મહારાજ છે જે ગ્રંથ ખરેખર એક જૈનસાહિત્યમાં વૃદ્ધિ કરવા સાથે **લાયબ્રેરી ( પુસ્તકાલય ) ના શ્રંગાર રૂપ છે.** ( જો કે આવું સાહસ એક વર્ષ માટેજ હોઇને અમારૂં તે પ્રથમજ છે ) તે આ વર્ષ માટેજ આવો મોટો ગ્રંથ ભેટ આપવાનો સભાએ ઠરાવ કર્યો છે.

શ્રી જૈનગમ રૂપ મહોદધિના મથનથી આજસુધીમાં પ્રગટ થયેલા અમુલ્ય ગ્રંથરૂપ રત્નોના સ્વરૂપ માર્ગને બતાવવામાં ભોમીયા જેવો આ અપર્વ ગ્રંથ થોડા વખતમાં અમારા તરફથી પ્રસિદ્ધ થયો છે, આ ગ્રંથની અંદર નાના મોટા ૬૦૦ વિષયો આવેલા છે, તે ગ્રંથોના નામ **અ**કારાદિ ક્રમને અનુસરીને રાખવામાં આવ્યા છે, પ્રત્યેક ગ્રંથની માહીતી મેળવવાને માટે તેની અંદર આવતા વિષયો પણ **અ**કરાદિ ક્રમથી ગોઠવેલા છે, અને તે તે વિષયો ઉપલબ્ધ થવા તેના પૃષ્ટાંકો પણ તેમની સામે આવેલા છે.

તે સિવાય તે તે ગ્રંથના કર્તા, સ્થલ, મુદ્રાલય, મુલ્ય, અને શક સંવત્સર વગેરે તેના આરંભમાં દર્શાવેલ છે. આથી જૈનધર્મ સંબંધી વિવિધ વિષયોના પ્રમાણોનો સંગ્રહ કરવાની ઇચ્છા રાખનારાઓ. જૈન વ્યાખ્યાનકારો, જાહેર વક્તાઓ લેખકો અને અભ્યાસીઓને આ ગ્રંથ અત્યંત ઉપયોગી થયા વિના રહેશે નહિ. ગ્રંથની આદ્યમાં તે તે ગ્રંથોની અનુક્રમણિકા આપવામાં આવી છે અને તેની અંદર આવતા વિષયોની પણ ઘણી ઉત્તમ યોજના આપવામાં આવી છે.

જૈનાગમની પ્રગટ થએલી જ્ઞાનસ્મૃદ્ધિના વિલાસથી ભરપુર એવો આ ગ્રંથ પ્રત્યેક જૈન વિદ્વાન, મુનિઓ, ગ્રહસ્થોએ આદરથી સંગૃહિત કરવા યોગ્ય છે અને પ્રત્યેક ગૃહ, પુસ્તકાલય અને જાહેર પુસ્તકાલયોમાં અલંકાર રૂપે સ્થાપન કરવા યોગ્ય છે.

આ ગ્રંથ બીજા વૈશાખ માસથી આ માસિકના માનવંતા ગ્રાહકોને વી. પી. કરી મોકલવાનું શરૂ કરવામાં આવશે. ગ્રંથ ઘણો મોટો હોવાથી પોસ્ટ ખર્ચના રૂ. ૦-૨-૦ વધારે બેસતા હોવાથી રૂ. ૧-૬-૦ વી. પી. કરવામાં આવશે. જેથી અમારા સુજ્ઞ ગ્રાહકો તે સ્વીકારી કદરબુઝી લવાજમ મોકલી આપવા ચુકશે નહીં.

વેલ્યુપેબલ દોઢ માસ પછી શરૂ કરવાના હોવાથી દરમ્યાન જેમની ઇચ્છા વેલ્યુપેબલ સ્વીકારવાની ન હોય તેમણે પ્રથમથી અમોને પત્રદ્વારા લખી જણાવવું. જેથી નકામો સભાને પોસ્ટેજનો ખર્ચ કરવામાં ન આવે અને જ્ઞાનખાતાને નુકશાની ન થાય, એટલુંજ નહિ પરંતુ પોસ્ટ ખાતાને પણ તકલીફ ન પડે. જેનો સ્વીકારવાનો ઉપરની મુદ્દતમાં જવાબ નહીં આવે તેને વી. પી ઉપર મુજબ મોકલવામાં આવશે જેથી મેહેરબાની કરી તેઓ સ્વીકારી લેશે;

श्री

# आत्मानन्द प्रकाश.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञाने यत्नो विधेयः॥

पुस्तक १२] वीर संवत् २४४१, चैत्र. आत्म. संवत् १९ [ अंक ९ मो.

## प्रभुस्तुति.

### शिखरिणी.

સમાધિ ધારિને ગિરિસમ[1] રહ્યા જે અચળ થઇ,
હૃદે એક ધ્યાને મનન કરતા તત્વમય થઈ;
અખંડાનંદેથી[2] જગત[3] શિવનું ચિંતન કરી,
પ્રભુ કાયોત્સર્ગે પરમ જય પામો અઘહરી.[4] ૧

---

૧ પર્વતની જેમ. ૨ અખંડ આનંદવડે. ૩ જગતના કલ્યાણનું ૪ પાપોને-હરીને.

## પન્યાસજી શ્રીમદ્ દાનવિજયજી મહારાજનું

# વ્યાખ્યાન ૯ મું.

( ગતાંક પૃષ્ટ ૨૦૯ થી શરૂ )

## ગત્વ્યાખ્યાનનો અવશિષ્ટ ભાગ.

આજસુધીમાં દેવગુરૂ ધર્મનું સ્વરૂપ તથા સાધુ અને ગૃહસ્થ ધર્મ તથા તે ધર્મને યોગ્ય થવાના ગુણોનું કિંચિત્ સ્વરૂપ તથા મૂર્તિ સ્થાપન વિષે કિંચિત્ તથા જગત્ અનાદિ છે અને તેનો કર્ત્તા કોઇ નથી તે વિષયમાં પણ કિંચિત્ સ્વરૂપ કહ્યું. હવે જગતનો કર્ત્તા કોઇ નથી તે વિષયમાંજ બાકી રહેલ સ્વરૂપમાંથી કંઇ કહીશું તે શ્રવણ કરશો, અને શ્રવણ કરી યોગ્યાયોગ્યનો વિચાર કરવો, તે આપ બુદ્ધિમાનોને આધિન છે.

## ॥ मंगलाचरणं ॥

**समुत्पत्तिविध्वंसनित्यस्वरूपा । यदुत्था त्रिपद्येव लोके विधित्वम् ॥**
**हरत्वं हरित्वं प्रपेदे स्वभावैः । स एकः परात्मा गतिर्मे जिनेंद्रः ॥ १ ॥**

**અર્થ**—જગતમાં જેટલા પદાર્થો છે તે પર્યાયથી ઉત્પત્તિ સ્વભાવવાળા તથા નાશ સ્વભાવવાળા અને દ્રવ્યરૂપે કરીને નિત્ય સ્વભાવવાળા છે પણ કોઇ ઉત્પત્તિ કે નાશ કરતું નથી—આવા પ્રકારના જ્ઞાનને જૈનમતમાં ત્રિપદી કહેલ છે. આવા સત્ જ્ઞાનનો પ્રચાર કરવાથી જે પરમદેવે બ્રહ્માપણું, હરપણું, અને વિષ્ણુપણું સ્વભાવથીજ ધારણ કર્યું છે એવા પરમદેવ અમારી ગતિ કરવાવાળા થાઓ. પણ જગતની ઉત્પત્તિ કરનાર બ્રહ્મા તથા નાશ કરનાર હર અને રક્ષણ કરનાર વિષ્ણુ જે લોકોએ કૃત્રિમપણે માનેલા છે તેવા સ્વરૂપવાળા પરમદેવ નથી. ઇત્યાશય.

**શિષ્ય**—એકજ પરમબ્રહ્મ માનીએ તો પછી શું દૂષણ ?

**ગુરૂ**—જો એકજ પરમબ્રહ્મ સત્ સ્વરૂપ છે, તો પછી ગામ, નગર, પૃથ્વી, પાણી, અગ્નિ, ગાય, ભેંસ, ઘોડા, હાથી, માણસ, રાજા, રંક આદિ પ્રતીત થાય છે. તે સત્ સ્વરૂપ કેમ નહિ ? અને જો સત્ છે તો એકજ પરમબ્રહ્મ કેવી રીતે સિદ્ધ થશે ?

**શિષ્ય**—જે પદાર્થ પ્રતીત થાય છે તે મિથ્યા છે, તે અનુમાનથી સિદ્ધ છે. જુઓ કે પ્રપંચ મિથ્યા છે. શા કારણથી ? તો પ્રતીત હોવાથી. જે પ્રતીત થાય

છે તે મિથ્યા છે. જેમ છીપ ચાંદીરૂપ, દોરી સર્પરૂપ, તેમ આ પ્રપંચરૂપી જગત્ અનુમાનથી મિથ્યા છે.

ગુરૂ—હે શિષ્ય, આ તારૂં વચન બુદ્ધિમાનોને યોગ્ય લાગે તેમ નથી. તેં પ્રપંચ મિથ્યા કહ્યો તે મિથ્યા ત્રણ પ્રકારે છે. (૧) અત્યંત અસત્ (૨) છે બીજું ને દેખાય બીજું (૩) અનિર્વાચ્ય. આ ત્રણમાંથી કયા ભેદને તું મિથ્યા માને છે ?

શિષ્ય—પહેલા બે તો મારે માન્ય નથી. ત્રીજો અનિર્વાચ્ય પક્ષ હું માનું છું.

ગુરૂ—હે શિષ્ય, તું અનિર્વાચ્ય કોને કહે છે ? અનિર્વાચ્યનો કહેવાવાળો કોઇ શબ્દ નથી કે શબ્દનું નિમિત્ત નથી ?

શિષ્ય—અનિર્વાચ્યનો કહેવાવાળો કોઇ શબ્દ નથી.

ગુરૂ—આ કહેવું અયોગ્ય છે. ગામ, નગર; પૃથ્વી, પર્વત આદિ શબ્દ તો પ્રત્યક્ષ પ્રસિદ્ધ છે.

શિષ્ય—શબ્દ તો છે, પણ શબ્દનું નિમિત્ત નથી.

ગુરૂ—શબ્દનું નિમિત્ત જ્ઞાન નથી કે પદાર્થ નથી ? પ્રથમ પક્ષ તો ઠીક નથી. પૃથ્વી, પર્વત, જળ આદિનું જ્ઞાન જીવ માત્રને પ્રતીત છે. બીજો પક્ષ કહો પદાર્થ નથી તો તે ભાવરૂપ નથી કે અભાવરૂપ નથી ? જો પદાર્થ ભાવરૂપ નથી તો વિપરીતાખ્યાતિ આવી, અને વેદાંતિના મતમાં વિપરીતાખ્યાતિ માનવી મોટું દૂષણ છે. જો અભાવરૂપ પદાર્થ નથી એમ કહો તો, ભાવરૂપ માનવોજ પડશે, તથા જો ભાવરૂપ માનો તો અદ્વૈત સિદ્ધ નહિજ થાય.

શિષ્ય—ભાવ તથા અભાવ બન્ને પ્રકારે વસ્તુ નથી.

ગુરૂ—હે શિષ્ય, તું ભાવ તથા અભાવ આ બન્નેનો અર્થ લોક પ્રસિદ્ધ છે. તેજ માને છે કે વિપરીત કોઇ અલૌકિક ? જો લોક પ્રસિદ્ધ માનીશ ને ભાવ કહીશ તો અભાવનો નિષેધ થશે, અને અભાવ કહીશ તો ભાવનો નિષેધ થશે. પરસ્પર આપસમાં બન્ને વિરોધી છે, તેથી એક તો અવશ્ય માનવો પડશે, અને માનશો તો અનિર્વાચ્યતાનો નાશ થશે. જો બીજો પક્ષ અલૌકિક માનો તો તો તમારા મન કલ્પિત માનેલા શબ્દ તથા શબ્દના નિમિત્તભૂત પદાર્થનો નાશ થવાથી અમારી કંઇ હાનિ થશે નહિ. લૌકિક શબ્દ તથા તેના નિમિત્તનો નાશ થશેજ નહિ તો પછી અનિર્વાચ્ય કેવી રીતે સિદ્ધ થશે ?

શિષ્ય—પ્રતીત ન થાય તેને અનિર્વાચ્ય કહીએ તો પછી શું દૂષણ આવે ?

ગુરૂ—આ તમારા કથનમાં બહુજ વિરોધ આવે છે. પ્રતીત ન થાય તેને અનિર્વાચ્ય કહો છો, પણ પ્રથમ તો તમે કહેલ છે. " પ્રપંચ મિથ્યા છે, પ્રતીત

હોવાથી. ” આ વચનમાં પ્રતીત હોવાથી એવો હેતુ કહેલ છે, તથા પ્રપંચ પ્રતીત પણ થાય છે ત્યારે અનિર્વાચ્ય કેવી રીતે કહેશો ? તથા તમારો માનેલ બ્રહ્મ પ્રતીત થાય છે, પણ મિથ્યા નથી. આપણુ વિરોધ છે. તથા વળી આ પ્રમાણે પણ અનુમાન થઇ શકે છે. પ્રપંચ મિથ્યા નથી કારણ કે તે પ્રતીત થાય છે, જેમકે બ્રહ્માત્મા. જે પ્રતીત ન થાય તે નથી જેમ ખરશૃંગ, તથા જો કહેશો કે બ્રહ્મ આત્મા પ્રતીત નથી તો પછી વચન વિષય ન હોય, અને વચન ગોચર નહિ તો પછી પરમબ્રહ્મ કેવી રીતે કહી શકશો? જો ન કહી શકાય તો મુંગાજ બનવું પડે–તથા તમે છીપમાં ચાંદીની ભ્રાંતિનું દૃષ્ટાંત કહ્યું તો તે છીપ સત્ય છે કે અસત્ય તે વિચાર કરો. તથા દોરીમાં સર્પની ભ્રાંતિ કહી તો દોરી સત્ય છે કે અસત્ય ? તથા ત્યાં દોરીમાં સર્પ નથી પણ બીજી જગ્યોએ તો સર્પ સત્ય છે કે નહિ ? જો સત્ય છે તો પછી અદ્વૈત કેમ સિદ્ધ થશે ? જો અસત્ય છે, તો પછી દૃષ્ટાંત તમે કોનું કહ્યું ? તે સર્વ વિચાર કરવા યોગ્ય છે. શ્રી વિજયાનંદ સૂરિ મહારાજે ચિકાગો પ્રશ્નોત્તરમાં કહેલ છે કે

नादृष्टपूर्वसर्पस्य । रज्वां सर्पमतिः क्वचित् ॥
ततःपूर्वानुसारित्वात् । भ्रांतिरभ्रांतिपूर्विका ॥ १ ॥

અર્થ—પ્રથમ જેણે સાપ દેખેલ નથી તેને દોરીને વિષે કોઇ દિવસ સર્પની બુદ્ધિ થતી નથી. જેણે પૂર્વે સર્પ દેખેલ હોય, તેનેજ રજ્જુને વિષે સર્પની બુદ્ધિ થાય છે. તે કારણથી ભ્રાંતિ છે તે નિશ્ચયપૂર્વકજ હોય છે.

શિષ્ય–શંકર દિગ્વિજયમાં “ परमात्मा जगदुपादानकारणमिति ” એટલે પરમાત્મા જે છે તેનેજ જગતનું ઉપાદાન કારણ કહેલું છે, તેથી જગતમાં જે વસ્તુ છે તે રૂપે સર્વ ઇશ્વર પરમાત્માજ પોતે બન્યા તો પછી તમે ઇશ્વરને જગતના કર્ત્તા શા માટે નથી માનતા ?

ગુરૂ—વાહવાહ. કંઇક વિચાર કરીને કહો છો કે વિચાર્યા વિના ? આ તમારા કથનથી તો જગતમાં જે જે પદાર્થ છે, જ્ઞાની, અજ્ઞાની, નરક, સ્વર્ગ, ચોર, શાહુકાર રાજા, રંક સર્વ એક બ્રહ્મજ સિદ્ધ થાય તો પછી જેવો સંન્યાસી તેવોજ ચંડાળ, જેવી માતા તેવીજ સ્ત્રી, કંઇ ફેરક નહિ, કારણ સર્વ બ્રહ્મરૂપ છે.

શિષ્ય–એક બ્રહ્મ તથા એક માયા માનીએ તો પછી શું દૂષણ ?

ગુરૂ—અદ્વૈત મતનો નાશ થશે. શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે સ્યાદ્વાદમંજરીને વિષે કહ્યું છે કે—

माया सती चेत् द्वयतत्वसिद्धि । रथासती हंत कुतः प्रपंचः ॥
मायैव चेदर्थसहा च तत्किं । माता च वंध्या च भवत्परेषां ॥ १ ॥

અર્થ—માયા જો સત્ છે તો એ તત્વની સિદ્ધિ થઇ. અદ્વૈતનો નાશ થયો. જો અસત્ છે તો આ સર્વ પ્રપંચ છે તે ક્યાંથી પેદા થયો? માયા પણ છે અને અર્થને પણ દેખાડવામાં સમર્થ છે; તો હે નાથ વીતરાગ! તારાથી બીજા જે માયા માને છે તેનું આ વચન માતા પણ છે અને વંધ્યા પણ છે તેવું વચન શું યોગ્ય ગણાય? કદાપિ નહિં.

શિષ્ય—આ પ્રતિભાસ જે થાય છે તે ઇશ્વરની માયાથીજ થાય છે, માટે એક પરમ બ્રહ્મજ સિદ્ધ છે. માયા તો વાસ્તવિકમાં અસત્ છે.

ગુરૂ—માયા ઇશ્વરથી ભેદ છે કે અભેદ છે? ભેદ છે તો તે જડ છે કે ચેતન? જો જડ છે તો તે નિત્ય કે અનિત્ય? ઇત્યાદિ પ્રથમ કહેલજ દૂષણો આવશે. શ્રી સામંત ભદ્રાચાર્યે આપ્ત મીમાંસા નામના ગ્રંથને વિષે કહેલ છે કે—

अद्वैतैकांतपक्षेपि । दृष्टो भेदो विरुध्यते ॥
कारकाणां क्रियायाश्च । नैकं स्वस्मात्प्रजायते ॥ १ ॥

कर्मद्वैतं फलद्वैतं । लोकद्वैतं च नो भवेत् ॥
विद्याविद्याद्वयं न स्या । द्बंधमोक्षद्वयं तथा ॥ २ ॥

हेतोरद्वैतसिद्धिश्चेत् । द्वैतं स्याद्धेतुसाध्ययोः ॥
हेतुना चेद्विना सिद्धि । द्वैतं वाङ्मात्रतो न किं ॥ ३ ॥

अद्वैतं न विना द्वैता । दहेतुरिव हेतुना ॥
संज्ञिनः प्रतिषेधो न । प्रतिषेध्यादृते क्वचित् ॥ ४ ॥

અર્થ—કારક તથા ક્રિયા આદિનો જે પ્રત્યક્ષ ભેદ દેખાય છે, તે એકાંત અદ્વૈતપક્ષને વિષે વિરોધને પ્રાપ્ત થાય છે; કારણ આપોઆપ એક હોય તે સર્વ પ્રકારથી સર્વ રૂપે બની શકતો નથી ૧ કેવળ અદ્વૈત માનીએ તો શુભ અશુભ કર્મ બે, તથા તેનાં ફળ બે સારાં ખોટાં, તથા આ લોક પરલોક બે, તથા વિદ્યા અને અવિદ્યા બે, તથા બંધ ને મોક્ષ બે, આ સર્વ ન બની શકે. ૨ ( હે શિષ્ય અદ્વૈતની સિદ્ધિ શાથી તું કરે છે? જો કહે કે હેતુથી તો તે નહિ થાય. ) જો હેતુથી અદ્વૈતની સિદ્ધિ થાય છે તો હેતુ તથા સાધ્ય જે અદ્વૈત આ બે પદાર્થ સિદ્ધ થયા, અને જો હેતુ વિનાજ વચન માત્રથી અદ્વૈતની સિદ્ધિ કરોછો તો વચન માત્રથી દ્વૈત સિદ્ધ કેમ ન થાય? ૩ હેતુના વિના અહેતુ ન થાય. તેમ દ્વૈતના વિના અદ્વૈત સિદ્ધ ન થાય. પ્રતિષેધ્ય પદાર્થ વિના કોઈ ઠેકાણે સંજ્ઞી પદાર્થનો નિષેધ થતો નથી. ૪ [ માટે અદ્વૈત સિદ્ધ થશે નહિ. ]

શિષ્ય—આપ એક પરબ્રહ્મનું ખંડન કરો છો તો શું આપ દ્વૈત માનો છો?

ગુરૂ—કથંચિત દ્વૈત કથંચિત અદ્વૈત સામાન્ય રૂપ સત્તાને લઇને અદ્વૈતપણું માનીએ છીએ તથા વિશેષરૂપ વ્યક્તિને લઇને અનેકપણું માનીએ છીએ. પણ નિશ્ચયથી તો દ્વૈત રૂપજ છે. શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે સ્યાદ્વાદ મંજરીને વિષે કહ્યું છે કે—

अनेकमेकात्मकमेव वाच्यं । द्वयात्मकं वाचकमप्यवश्यम् ॥
अतोऽन्यथावाचकवाच्यक्लृप्ता । वतावकानां प्रतिभाप्रमादः ॥१॥

અર્થ—વાચ્ય એટલે કહેવાને યોગ્ય જે ચેતન અચેતન વસ્તુ સામાન્ય રૂપની અપેક્ષાથી એક સ્વરૂપવાળી છે, તો પણ વિશેષ વ્યકિતની અપેક્ષાએ અનેક રૂપ છે. માટે હે નાથ, હે વીતરાગ; જે તારા મતને છોડીને બીજા મતોવાળા વાચ્ય વાચક ભાવની કલ્પના કોઈ એકાંત અદ્વૈતરૂપે, કોઇ એકાંત દ્વૈતરૂપે કહે છે તે તેમની બુદ્ધિનોજ પ્રમાદ છે.

તાત્પર્ય એ છે કે સત્તા અપેક્ષાએ વસ્તુ એક છે, જેમ બ્રાહ્મણ જેટલા છે તેટલા બધા બ્રાહ્મણત્વ જાતિ અપેક્ષાથી એક છે, તથા અમુક અમુક બ્રાહ્મણ વ્યકિત અપેક્ષાએ જુદા જુદા છે, તેમજ મનુષ્યો મનુષ્યત્વ જાતિ અપેક્ષાએ એક, પણ એક રાજા અને બીજી પ્રજા—આ અપેક્ષાએ અનેક, તથા જેવા પરમબ્રહ્મ છે તેવાજ જ્ઞાન ગુણવાળા સંસારી જીવો છે. તે જાતિ અપેક્ષાથી એક તથા વ્યકિત અપેક્ષાથી સર્વ જીવો જુદા જુદા છે. ઇત્યાદિ વાસ્તવિકમાં જીવો અનેકજ છે. અદ્વૈત કદાપિ સિદ્ધ નથી.

શિષ્ય—પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, પરમાણુ આકાશ આદિ સામગ્રિ સહિત ઇશ્વર જગતની રચના કરે છે. આ બીજો પક્ષ માનીએ તો શું દૂષણ આવે ?

ગુરૂ—તમે કયા પ્રમાણથી ને કેવી રીતે સિદ્ધ કરો છો ?

શિષ્ય—અનુમાન પ્રમાણથી-પૃથ્વી, પર્વત, વૃક્ષાદિક કાર્ય હોવાથી તેનો કોઇક કર્ત્તા છે. જે કર્ત્તા છે તેજ ઇશ્વર. દૃષ્ટાંત, જેમ ઘડો કાર્ય છે તો તેનો કર્ત્તા કુંભાર છે, તો આ પૃથ્વ્યાદિ છે તેનો કર્ત્તા અવશ્ય કોઇ હોવો જોઇએ.

ગુરૂ—આ તમારૂં કહેવું અયોગ્ય છે. હવે તમે પ્રથમ કહો કે જગતનો કર્ત્તા ઇશ્વર શરીર સહિત છે કે શરીર રહિત છે ?

શિષ્ય—ઇશ્વર શરીરવાળા છે. આ પ્રથમ પક્ષ માનીએ તો શું દૂષણ આવે ?

ગુરૂ—શરીર સહિત છે તો તે અમારા જેવું દૃશ્ય શરીર છે કે વ્યંતર દેવની પેઠે અદૃશ્ય છે ?

શિષ્ય—અમારા જેવા દેખાય તેવા શરીરવાળા ઇશ્વર જગત્‌ની રચના કરે છે.

ગુરૂ—આ તમારૂં કહેવું યોગ્ય નથી. પ્રત્યક્ષ વિરોધ આવે છે. અત્યારે પણ તૃણ

વૃક્ષ, ઈંદ્રિધનુષ્ય આદિ કાર્યો શરીરવાળાએ બનાવ્યા વિના પણ જોવામાં આવે છે.

**શિષ્ય**—ઇશ્વર શરીરવાળા છે પણ તેમનું શરીર તેમના મહાત્મ્ય વિશેષથી અથવા અમારા ભાગ્ય ન હોવાથી દેખાતું નથી.

**ગુરૂ**—આ તમારા કહેવામાં કોઈ પ્રમાણ નથી, તથા ઇતરેતર આશ્રય દૂષણ પણ આવે છે, તથા સંશય પણ કદાપિ દૂર નહિ થાય કે ઇશ્વર છે કે નથી ?

**શિષ્ય**—ઇતરેતર આશ્રય દૂષણ આપ કોને કહો છો ?

**ગુરૂ**—પ્રથમ મહાત્મ્ય વિશેષ સિદ્ધ થાય તો અદૃશ્ય શરીર સિદ્ધ થાય. જ્યારે અદૃશ્ય શરીર સિદ્ધ થાય તો મહાત્મ્ય વિશેષ સિદ્ધ થાય.

**શિષ્ય**—શરીરરહિત ઇશ્વર જગતની રચના કરે છે.

**ગુરૂ**—આ તમારૂં કહેવું દૃષ્ટાંતથી વિરોધી છે, કારણ ઘટાદિક કાર્યોના કર્ત્તા તો કુંભારાદિક શરીરવાળા જોવામાં આવે છે. તમે તો જગતનો કર્ત્તા શરીરરહિત કહો છો તે દૃષ્ટાંતની સાથે કેમ મળશે, તેનો વિચાર કરશો ? તથા શરીરરહિત ઈશ્વર જગત રચવાની પ્રવૃત્તિ પણ કરી ન શકે. શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે વીતરાગ સ્તવમાં કહેલ છે કેઃ—

> अदेहस्य जगत्सर्गे, प्रवृत्तिरपि नोचिता ॥
> न च प्रयोजनं किंचित्, स्वातंत्र्यान्न पराज्ञया ॥ १ ॥

**અર્થ**—શરીર રહિત ઇશ્વરને જગત રચવાની પ્રવૃત્તિ પણ ઉચિત નથી તેમ કૃતકૃત્ય હોવાથી કંઇ પ્રયોજન પણ નથી. પ્રયોજન વિના મૂર્ખ પણ પ્રવૃત્તિ કરતો નથી.

**ગુરૂ**—જે જગતનો કર્ત્તા છે તે રાગાદિ રહિત છે, કે સરાગિ છે ?

**શિષ્ય**—ઇશ્વર રાગાદિ રહિત છે.

**ગુરૂ**—રાગાદિ રહિત છે તો તેમને જીવાદિ બનાવવાનું શું પ્રયોજન છે ? જો કહો કે જીવની ઉત્પત્તિ માત્ર પ્રયોજન છે તો તે યોગ્ય નથી. શ્રી હરિભદ્ર સૂરિ મહારાજે ધર્મસંગ્રહણીને વિષે કહેલ છે કેઃ—

> तेसिंउप्पत्तिएगो तस्सत्थोत्तिसेवउ नजुत्ता ॥
> कुंभकारादीणजओ नघडादुप्पत्तिरेवत्थो ॥ १ ॥

**અર્થ**—જીવોની ઉત્પત્તિજ એક ઇશ્વરનું પ્રયોજન છે તો તે યુક્ત નથી. કુંભારાદિકોને પણ ઘડાદિની ઉત્પત્તિ માત્ર પ્રયોજન નથી, કિંતુ દ્રવ્યાદિ પ્રયોજન છે; તેમ જગત્ રચવાનું શું પ્રયોજન ઇશ્વરને છે ?

શિષ્ય–ઇશ્વરનો તેવો સ્વભાવજ છે.

ગુરૂ—આ કહેવું યોગ્ય નથી. ધર્મસંગ્રહણીમાં કહ્યું છે કે,

एसोयसहावो से । किमेत्थ माणं न सुंदरो य जओ ॥
तक्करणकिलेसस्सतु महतो अफलस्स हेउत्ति ॥ १ ॥

અર્થ—જગત્ રચવાનો ઇશ્વરનો સ્વભાવ છે તેમાં શું પ્રમાણ છે? અતીંદ્રિય હોવાથી તેમાં કોઇ પ્રમાણ નથી, અથવા સ્વભાવ કલ્પના કરો તો તે સુંદર સ્વભાવ નથી, કારણ કે જગત્ રચવામાં કલેશ તો બહુજ અને ફળ કંઇ પણ નથી.

શિષ્ય–જગતના કર્ત્તા ઈશ્વર સરાગી માનીએ તો શું દૂષણ આવે?

ગુરૂ—હે શિષ્ય, જ્યાં સરાગીપણું છે, ત્યાં કર્ત્તાપણું તો દૂર રહો, પણ ઇશ્વરતાજ સિદ્ધ નહિ થાય, કારણ જ્યાં રાગ હોય ત્યાં દ્વેષ અવશ્ય હોય, અને જેને વિષે રાગદ્વેષ હોય તે દેવજ ન કહેવાય. શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે મહાદેવ સ્તોત્રને વિષે કહેલ છે કે:—

रागद्वेषौ महामल्लौ । दुर्जयौ येन निर्जितौ ॥
महादेवं तु तं मन्ये । शेषा वै नामधारकाः ॥१॥

અર્થ—રાગ અને દ્વેષરૂપી દુર્જય એવા મોટા મલ્લોને જેણે જીત્યા તેને હું સાચા મહાદેવ માનું છું. બાકીના રાગી તથા દ્વેષી જે દેવો છે, તે તો નામ માત્રથીજ મહાદેવ છે પણ વાસ્તવિક મહાદેવ નહિ સમજવા. ૧

રાગ દ્વેષ શરીર વિના સિદ્ધ કેમ થાય, અને સશરીરી ઇશ્વર જગતને કર્ત્તા માનીયે તો, ઇશ્વરનું શરીર આપ સર્વ વ્યાપક માનો છો કે અલ્પ પ્રમાણ?

શિષ્ય—ઇશ્વરનું શરીર સર્વવ્યાપક માનીએ તો શું દૂષણ આવે?

ગુરૂ—ઇશ્વરનું શરીરજ સર્વ સ્થાનમાં રહ્યું તો પછી પૃથ્વી, પાણી, પર્વત આદિ ક્યા સ્થાનમાં રાખીને ઇશ્વરે જગતની રચના કરી તેનો વિચાર કરશો?

શિષ્ય—ઇશ્વરનું શરીર આપના કહેવાથી અલ્પ પ્રમાણવાળું હોવા સંભવ છે.

ગુરૂ—અલ્પ શરીરવાળો ઈશ્વર દૂર દેશમાં રહેલ પદાર્થોની રચના કેવી રીતે કરી શકે ઇત્યાદિ વિચાર કરશો?

શિષ્ય—જગતના કર્ત્તા ઇશ્વરજ છે. તૈત્તિરીયોપનિષદ્‌માં કહ્યું છે કે,

यस्माज्जातं जगत्सर्वं, यस्मिन्नेव प्रलीयते ॥
येनेदं धार्यते चैव, तस्मै ज्ञानात्मने नमः ॥ १ ॥

અર્થ—જેનાથી સંપૂર્ણ જગત્ પેદા થયું, જેને વિષે લય થાય છે, અને જે જગત્‌ને ધારણ કરે છે, એવા જ્ઞાન સ્વરૂપ ઇશ્વરને અમારા નમસ્કાર થાઓ.

ગુરૂ—જેનાથી પેદા થયું તેમાં જ લય થયું અને તેજ ધારણ કરે છે! આ વાક્યથી સામગ્રી રહિત ઇશ્વર પરમાત્માજ જગત્‌ના ઉપાદાન કારણ સિદ્ધ થયા. સામગ્રી રહિત કેવળ ઇશ્વર જગત્‌ની રચના કરીજ નથી શકતા. એ વાત અમે પ્રથમના પ્રશ્નોત્તરમાં કહેલ છે, તથા શ્રી સૂરચંદ્ર મહોપાધ્યાય મહારાજે જૈન તત્ત્વસારમાં કહ્યું છે કે,—

निरंजनं नित्यममूर्त्तमक्रियं, संगीर्य्य ब्रह्माथपुनश्च कारकम् ॥
संहारकं रागरुडादिपात्रकं, परस्परध्वंसिवचोऽस्त्यदस्ततः ॥ १ ॥
अतो विभिन्नं जगदेतदेतत्, ब्रह्मापि भिन्नं मुनिभिर्व्यचारि ॥
अतस्तु संसारगता मुनींद्राः, कुर्वंति मुक्त्यै परब्रह्मार्चिताम् ॥ २ ॥

અર્થ—નિરંજન, નિત્ય, અમૂર્ત્ત, અક્રિય, બ્રહ્મને કહીને ફરીથી તેનેજ જગતકર્ત્તા, હર્તા, અને રાગદ્વેષનું પાત્ર કહેવું એ પરસ્પર વિરૂદ્ધ વચન છે. આ કારણથી જગત્ ભિન્ન છે, તથા બ્રહ્મા પણ ભિન્ન છે. એવું મુનિઓએ વિચાર્યું, અને તે કારણથીજ સંસારમાં રહેલા મુનિ મહાત્માઓ મોક્ષને માટે પરબ્રહ્મનુ ધ્યાન કરે છે.

શિષ્ય–ગુરૂજી મહારાજ આપનું કહેવું સત્ય છે, પણ ઋગ્વેદ મનુસ્મૃતિ, આદિમાં વિસ્તારથી જગત્‌ના કર્ત્તા ઇશ્વર કથન કરેલ છે.

ગુરૂ—હે શિષ્ય, ઋગ્વેદ, યર્જુવેદાદિમાં કમળમાંથી બ્રહ્માજી પેદા થયા, મનુસ્મૃતિમાં ઈંડામાંથી બ્રહ્માજી પેદા થયા ઇત્યાદિ ઘણો વિરોધ છે. તેનું સમિક્ષા પૂર્વક કથન પરમગુરૂ મહારાજ શ્રી વિજયાનંદસૂરિ મહારાજે તત્ત્વનિર્ણય પ્રસાદમાં કરેલ છે, તેથી તે ગ્રંથ વાંચવા તમને ભલામણ કરૂં છું. અહીં અલ્પ સમય હોવાથી વિશેષ કહેતો નથી.

શિષ્ય–હે ગુરૂજી, આપ કહો કે આ જગત્ કેવી રીતે બન્યું!

ગુરૂ—હે શિષ્ય! જગત્ અનાદિ છે.

શિષ્ય–જગતમાં ઘટ પટાદિક પદાર્થોના કર્તા જોવામાં આવે છે, તો અનાદિ કેમ સિદ્ધ થશે?

ગુરૂ—હે શિષ્ય, તું અમારૂં કહેવું સમજ્યો નથી. જગતમાં જે જે બનાવેલી વસ્તુઓ છે. ઘટ, પટ, સ્થંભ, હાટ, હવેલી, કુવા, વાવ, તળાવ, ઇત્યાદિ વસ્તુના કર્તા તો અમે પણ માનીએ છીએ. પણ આકાશ, કાલ, પરમાણું, જીવ. આદિ વસ્તુના કર્તા કોઇ નથી. કારણ કે જે વસ્તુ કાર્યરૂપ પેદા થાય તેનું

ઉપાદન કારણુ અવશ્ય જોઇએ; પણુ જીવ, આકાશ, કાળ, પરમાણુ આદિનું ઉપાદાન કારણ કોઇ નથી. તે માટે એ અનાદિ છે. વીતરાગ સ્તવની વૃત્તિને વિષે કહ્યું છે કેઃ—

निष्पादितो न केनापि, न धृतःकेनचिच्च सः ॥
स्वयंसिद्धो निराधारो, गगने किं त्ववस्थितः ॥ १ ॥

**અર્થ**—લોકને કોઇએ બનાવેલ નથી, તથા શેષ નાગાદિકે કોઇએ ધારણુ કરેલ નથી, આધાર રહિત આપો આપ આકાશમાંજ લોક રહેલ છે. જગત અનાદિ છે, તેનો કોઈ કર્તા નથી; તેનો વિસ્તાર સંમતિતર્ક, તત્વાર્થ, પ્રમેયકમલમાર્તંડ, સ્યાદવાદરત્નાકર, અનેકાંત જયપતાકા, આદિ શાસ્ત્રોમાં ઘણોજ છે; વાસ્તે જેણે વધારે જાણવાની ઇચ્છા હોય, તેમને તે શાસ્ત્રો વાંચવાને હું ભલામણ કરી મારા વિષયની સમાપ્તિ કરૂં છું, ઇત્યિલં વિસ્તરેણ.

## व्यवहाराद्धर्मः

### " વ્યવહારથી શું ધર્મ પ્રાપ્ત થાય છે ? "

લેખક મુનિ મણિવિજય મુ. લુણાવાડા

" ગતાંક ના પૃષ્ટ ૧૧૩ થી શરૂ "

**વ્યવહાર**—હે માનવ ! " વ્યવહારથી શું ધર્મ પ્રાપ્ત થાય છે ? " વ્યવહારની માહિતી તને વિશેષ કરીને હશેજ. વ્યવહાર એટલે લેવડદેવડનો વ્યાપાર. એટલે લેવુંદેવું, કરવું કરાવવું, તેનું નામ વ્યવહાર કહેવાય છે.

આ વ્યવહાર બે પ્રકારનો છે. એક તો દુકાન માંડી કોઇ પણ પ્રકારના પદાર્થોને આપી તેમજ લઇને ધીરધારનો ધંધો કરી લોકોના સાથે સંબંધ જોડવો તે, તથા બીજો વ્યવહાર એ છે કે અરસપરસ પ્રીતિ ઉત્પન્ન થવાથી વસ્ત્રાલંકાર, રત્નાદિ, ધનધાન્ય, પટકુલાદિ તથા ખાનપાનાદિ આપવા લેવાથી આ પ્રીતિ વૃદ્ધિ પામે છે-મહા દૃઢપણાને પામે છે. કહ્યું છે કેઃ—

यतः

ददाति प्रतिगृण्हाति, गुह्यमाख्याति पृच्छति,
भुंक्ते भोजयतेचैव, षड्विधं प्रीतिलक्षणं. ॥ १ ॥

**ભાવાર્થ**:—કાંઇ પણ વસ્તુ આપે છે અને લે છે, ગુહ્ય વાર્તાને કહે છે તેમજ પુછે છે તથા બીજાને ઘેર ભોજન પોતે કરે છે અને બીજાને કરાવે છે. આ છ પ્રકારે પ્રીતિના લક્ષણો કહેલા છે. આ છ પ્રકારોથી મનુષ્યોને અરસપરસ ગાઢ પ્રીતિ બંધાય છે-મિત્રતા થાય છે; તેમજ વળી પણ કહ્યું છે કે—

यतः

पापान्निवारयति योजयते हिताय,
गुह्यं निगूहति गुणान् प्रकटी करोति,
आपद्गतं च न जहाति ददाति काले,
सन्मित्रलक्षणमिदं प्रवदंति संतः ॥ १ ॥

ભાવાર્થ:—પાપ થકી નિવારણ કરે તેમજ હિત ઉત્પન્ન કરવામાં યોજના કરે એટલે હિતાર્થ કરવામાં જોડે, ગુહ્યને ગુપ્ત રાખે તેમજ ગુણોને પ્રગટ કરે તેમજ આપદાને વિષે પ્રાપ્ત થયેલાનો ત્યાગ કરતા નથી. અને કાળે યથોચિત્ જેવું હોય તેવું આપે છે. આટલા ઉપરના ગુણયુક્ત માણસોને સજ્જનો સારા મિત્રતાના લક્ષણ કહે છે. અર્થાત્ આવા ગુણો જેને વિષે હોય તેજ ખરા મિત્ર કહેવાય છે.

વળી લોકને વિષે પણ વ્યવહાર મહાન્ કહેલો છે. જેમકે ચાર દિવસ સ્ત્રીનો સંગ છોડવો એટલે ઋતુવાળી સ્ત્રીને ચાર દિવસ ત્યાગ કરવી, વર્ષાઋતુને વિષે એટલે વર્ષાકાળમાં ગાડામાં અથવા બીજા કોઇપણ વાહનમાં બેસવું નહિ તથા વર્ષાકાળને વિષે પરગામ પણ ગમન કરવું નહિ. લોક વિરૂદ્ધતાનો ત્યાગ કરવો વિગેરે વ્યવહાર માર્ગ શ્રેષ્ટ છે. એટલે વ્યવહાર માર્ગનેજ ઉત્તમ કહેલો છે.

## વર્ષાકાળમાં પરગામ ગમન નહિ કરવાનો વ્યવહારૂ દૃષ્ટાંત.

કોઇ દેઉળવાડાનો રહેવાશી લાખાક નામનો વર્ષાકાળને વિષે ગામડા તરફ ચાલ્યો. માર્ગમાં ચાલતા રસ્તાને વિષે વાડાસીણઉલી નામનું ગામ આવ્યું, ત્યાં ગયો. તેને કોઈ સ્ત્રીએ પુછયું કે, હે ભાઇ સજ્જન ? તમો જે ગામમાં વાસ રહો છો ત્યાં પ્રપુન્નાટ તથા જોજરૂ તથા કુંગુ વિગેરે એક જાતની વનસ્પતિ તથા કંગુ આદિ ધાન્ય વિશેષ થયા છે કે નહિ ? ત્યારે તે બોલ્યો કે કયાંથી. એટલે તે સ્ત્રી બોલી કે જો તે થયા હોય તો, આવા વર્ષાકાળને વિષે પણ આજીવિકાના હેતુભૂત થાય. કાદવવાળી કાળી ભૂમીમાં કોઇ ઘરના બહાર નીકળે નહિ, પણ હું જાણું છું કે તે પણ થયા નથી. એટલે તમારે ચોમાસામાં બહાર નીકળ્યા વિના છુટકો નહિ. આવું બોલવાથી લાખાદિક ઘણાજ લજવાણા અને ચોમાસામાં ઘરના બહાર નીકળવું નહિ એટલે ગામડામાં જવું નહિ આવો નિયમ કર્યો.

વળી સિદ્ધાંતને વિષે પણ સાતે નયોમાં વ્યવહાર નય બળવાન્ કહેલો છે.

यतः आवश्यकसूत्रे

ववहारो विहिबलवं, जं छउमत्थंपि वंदई अरिहा,
जोहोइअणाभिन्नो, जाणंतो धम्मयं एयं. ॥ १ ॥

ભાવાર્થ—શાસ્ત્રમાં વ્યવહાર વિધિને બળવાન કહેલ છે એટલે સર્વ નયોને વિષે વ્યવહાર બળવાન છે. જે વ્યવહારને અવલંબીને કેવલી ભગવાન્ પણ છદ્મસ્થને નમસ્કાર કરે છે, તો આવા વહેવાર ધર્મને જાણનારા વહેવાર થકી ભિન્ન થતા નથી–અર્થાત વ્યવહારનય વંદન કરવા લાયક છે. તો તેની સંતતિને વિશેષ પ્રકારે માન્ય હોવો જોઇએ, કારણ કે જે સદ્‌માર્ગને પોતાના નાયકો માને, તે માર્ગને સેવક વર્ગોયે જરૂરાજરૂર અંગીકાર કરવો જોઇએ ! અને વીતરાગ મહારાજની આણાના પ્રતિપાલક ઉત્તમ પ્રાણીયો વ્યવહારને વિશેષ પ્રકારે માને છે. વળી પણ કહેલું છે કે—

## अन्यत्राऽपि.

उहोसुउवउत्तो, सुअनाणी जइवि गिण्हइअसुद्धं,
तं केवली वि भुंजइ, अपमाणं सुअंभवे इहरा. ॥ १ ॥

ભાવાર્થ—શાસ્ત્રમાં વીતરાગ મહારાજે કહેલું છે કે, મુનિમંડળમાં ગોચરી જવાનો અધિકાર શ્રુતનાણીનો એટલે ગીતાર્થનો કહેલો છે. એટલે ગોચરીના અધિકારી ગીતાર્થજ હોય છે. હવે તે ગીતાર્થ ગોચરી લેવાને માટે જાય ત્યાં ઉપયોગ યુકત થઈ, સર્વ દોષ વર્જિત આહારને ગ્રહણ કરે છે. પરંતુ છદ્‌મસ્થપણાના ભાવથી કદાચ ઉપયોગ શુન્ય થઈ દોષિત વસ્તુને ગ્રહણ કરી લઇ, ઉપાશ્રયે આવે, તે આહાર દોષિત છતાં પણ કેવળી મહારાજ પણ વાપરે છે. કારણ કે, પોતાના નિમિત્તે છદ્‌મસ્થ સાધુયે આણેલો આહાર પણ દોષિત છતાં પણ કેવળી વાપરી જાય છે, અને આવી પણ એક પ્રકારની શાસ્ત્રને વિષે મર્યાદા રહેલી છે, છતાં પણ કદાચ કેવલી તે આહાર ન વાપરે તો શ્રુત અપ્રમાણ ગણાય, માટે વ્યવહાર છે તેજ મહાન્ ગણાય છે.

વળી લૌકિકધર્મ તથા લોકોત્તરધર્મ આ બન્ને વિષે જૈન ધર્મના વ્યવહારનું ફળ મહાન્ કહેલું છે. કારણકે વ્યવહારથી મુકત અજ્ઞાની અજ્ઞાન કષ્ટ ઘણા કાળ સુધી કરે, પણ વ્યવહાર નથી તેથી સ્વલ્પ ફળને પામે છે, અને જૈન વ્યવહાર સહિત હોવાથી વ્યવહાર યુકત સ્વલ્પ ધર્મકરણિ કરે તો પણ મહાન ફળના હેતુભૂતપણાને પામે છે. કહ્યું છે કે.—

## यतः

जं अन्नाणी कम्मं, खवेइ बहुआहिंवासकोडीहिं,
तं नाणीतिहिंगुत्तो, खवेइउसासमित्तेण. ॥ १ ॥

ભાવાર્થ—અજ્ઞાની જે તે ઘણા વર્ષની કોટીથી એટલે ક્રોડો વર્ષ સુધી કાંઈ કાંઇ ક્રિયા કરીને જે કર્મને ખપાવે છે તે એટલે તેટલા કર્મને ત્રણ ગુપ્તિ સહિત એવા જ્ઞાની મહારાજ એક ઉશ્વાસ માત્રમાં ખપાવે છે.

તેમજ અજ્ઞાની અવ્યવહારથી સ્વલ્પ લાભ મેળવે છે અને જ્ઞાની વ્યવહારથી ઘણોજ લાભ મેળવે છે. માટે વ્યવહાર બળવાન છે.

**વિવેચન**—એક બાજુ વીતરાગ મહારાજ પોતાની અમૃત સમાન વાણીને વરસાવી ગયા છે કે વ્યવહાર તેજ સત્ય છે, તેમજ વ્યવહાર સર્વને અંગીકાર કરવા લાયક છે, તથા તેમના પટોધર ગણધર મહારાજાદિ તથા શ્રુતજ્ઞાનીયો પણ તેજ પ્રકારે વ્યવહારને મુખ્ય ગણી ગયા છે. તેમજ શાસ્રકારો અને ગ્રંથકારો પણ વ્યવહાર મહાનના પોકારો પાડી ગયા છે. તેજ પ્રમાણે આધુનીક સમયના અલ્પકર્મી મુનિ મહારાજાઓ પણ વ્યાખ્યાન દ્વારા ધર્મબોધ આપણા મહાન ભવ્યજનોને નિશદિન આપી રહ્યા છે.

ત્યારે બીજી બાજુ અર્ધદગ્ધ જૈનો કે જેને ભવનો પણ ભય નથી. કેવળ પુદ્‌ગલાનંદિપણાના સ્વતંત્રપણામાં મગ્ન થઇ. વીતરાગ તથા ગણધર તથા શ્રુતજ્ઞાનીયો તેમજ આગમમાં જે વ્યવહાર મુખ્ય છે તેનું ખંડન કરવા યા હોમ ઉદ્યમ કરી રહ્યા છે તેનું કારણ જો આપણે લાંબી દૃષ્ટિથી વિચારી જોશું તો કેવળ માન, મોટાઇ મેળવવાના ખાતરજ વ્યવંહારને તોડવાનો પ્રપંચ કરેલો છે. શિવાય બીજું કાંઇ પણ નથી.

હઠવાદિયો, જડવાદિયો, નાસ્તિકો તેમજ ભવાભિનંદિ તેમજ પુદ્ગલાનંદીયો દુનિયાના જીવોને શું સમજાવે છે કે દેવગુરૂને વંદના નમસ્કાર કરવામાં તેમજ તેમની ભકિત કરવામાં કાંઈ લાભ નથી, કારણ કે દેવ તો એકેંદ્રિયનું પુદ્ગલ છે. માટે આત્મા તેજ દેવ છે તેને ઓળખ્યો એટલે થયું. જો કે આત્મા તેજ પરમાત્મા છે, અને આ વચનો અક્ષરશઃ ખરા છે. તથાપિ એટલી તેઓને ખબર નથી કે આત્મા પરમાત્મા દશામાં કયારે આવે, શું કરણી કરવાથી આવે, તે બિચારા જાણી શકતા નથી. વળી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવ, આશ્રિને સમયાનુસાર જ્ઞાન ધ્યાન, ક્રિયાકાંડ કરનાર, સંયમને શકિતના અનુસારે આરાધન કરનાર, ક્ષયોપશમ પ્રમાણે જ્ઞાનનું પઠન પાઠન કરનાર, કરાવનાર, જ્ઞાનના બોધ પ્રમાણે ભવ્યપ્રાણીયોને બોધ આપનાર ને પૂર્વની પુન્ય પ્રકૃતિ પ્રમાણે વર્તનાર આધુનીક સમયના ત્યાગીઓ છે. તેને નિશ્ચયવાદિયો કહે છે કે તમારામાં ત્યાગીપણું નથી. બરાબર છે ! વ્યવહાર છોડી નિશ્ચય પકડવામાં હઠવાદિયોને અનેક પ્રકારના લાભ રહેલા છે.

સામાયક, પ્રતિક્રમણ, વ્રત પ્રત્યાખ્યાન, શીયળ પાળવામાં અનેક પ્રકારે કાય કષ્ટ થાય તેથી નિશ્ચય વાદિયો કહે છે કે આત્મા સમજ્યા વિનાની કરણી કરવી સારી નથી. આત્માને દુભાવવો નહિ. જે વસ્તુ માગે તે આત્માને આપી સંતુષ્ટ કરવો.

કહો નિશ્ચયથી કેટલો ફાયદો થયો. દેવ ગુરૂ ધર્મનું સેવન સર્વથા જડમૂળથી નાશ પામ્યું એટલે પંચાત માત્ર મટી ગઇ.

આટલુ બધું તોફાન વ્યવહારને નહીં માનનારા અને નિશ્ચયને માનનારા ન કરે તો તેઓને માને પૂજે કોણ. તેથીજ નિશ્ચિય પકડેલો છે, ઠીક છે. જો કે નિશ્ચય તે પણ સાત નયો માંથી એક નય કહેલો છે. તો તમો નશ્ચિયને પકડો તે ગેરવ્યાજબી નથી પણ તેનો અર્થ સમજો અને તેની સાથે બીજાની જરૂર છે કે નહી તે સમજો. બાકી નિશ્ચય નયનો અર્થ તેમજ પરમાર્થ જુદોજ છે નિશ્ચય નયના પ્રતિપાલન કરનારાઓના વચનોદ્ગારો તેમજ કરણિ સર્વથા જુદી જ હોય છે.

પણ આતો કહેવુ કાંઇ ને કરવુ કાંઇ. આવી રીતે કેવળ પુદ્ગલ પોષણને માટે જ નિશ્ચયને પકડેલ છે, અને ખુદ અભિમાનને ખાતરજ.

આજકાલના કેટલાક આપણા શ્રાવકો ઘણી જગ્યાયે જોવામાં આવે છે કે ચોમાસામાં જ ગામડા ખેડે છે, ગાડી ઘોડા ઉપર બેશી ઘોડા બળદને દોડાવે છે, વનસ્પતિ લીલ, ફુલ સેવાલ વગેરેની હિંસાનો હિસાબ રાખતા નથી જે સર્વથા ત્યાગ કરવું જોઇયે, ઘણા ખરા પાપારંભના કામો કેટલાક સ્થળે શ્રાવકો ચોમાસામાં જ કરે છે. કદાચ ત્યાગી કોઇ ઉપદેશ આપે તો તેની પણ દરકાર કરતા નથી.

મહા ખેદની વાત છે કે કેટલાક સ્થળે જેનો ચોમાસામાં જ ઘણા આરંભ કરી અનંતા જીવની હાણી કરી કેવળ કર્મબંધન કરી ભવનીજ વૃદ્ધિ કરે છે તે શોચનીય છે. તેથીજ એકલા નિશ્ચયવાદિયો બીચારા હઠકદાગ્રહ ગ્રસ્ત થઇ પરમાત્માની આજ્ઞા ઉત્થાપિ ઇહિલોક પરલોકે મહાદુખાદિકના ભોકતા થાય છે.

તેજ—મહાત્માઓને ધન્ય છે કે વીતરાગ મહારાજ ત્થા તેમના કથન કરેલા વ્યવહાર યુક્ત થઇ નિર્મલ ક્રિયાશક્તિ અનુસાર કરી દેવમનુષ્યગતિના નિર્મલ બંધને પાડી તે ગતિના ભોક્તા થવા પ્રયત્ન કરે છે.

એવી રીતે સર્વ જગ્યાયે તેમજ લોકોને વિષે તેમજ નયોને વિષે પણ વ્યવહાર જે છે તે ધર્મના હેતુભૂત રહેલો છે.

અને તે વ્યવહાર બુદ્ધિ નિધાન શ્રીમાન્ મંત્રિવર્ય અભયકુમારે આર્દ્રકુમારને ધર્મના હેતુભૂત કરેલો છે. અભયકુમારે આવો—વ્યવહાર કરી આર્દ્રકુમારને મહા લાભ ઉત્પન્ન કરાવ્યો છે.

## द्दष्टांतोयथा.

આદ્રદેશને વિષે મુદ્ગલસુરત્રાણને આદ્રકુમાર નામે પુત્ર હતો. મુદ્ગલસુરત્રાણ ત્થા શ્રેણિક મહારાજને પરંપરાગત પ્રીતિ હતી. એક દિવસ રાજ ગૃહનગરથી વહાણો આવ્યા, તે થકી શ્રેણિકરાજાનો મંત્રી ઉતરી સુરત્રાણ પાસે શ્રેણિકરાજાયે આપેલું ભેટણું લઇને આવ્યો. તે મંત્રીને દેખી બહુજ ખુશી થયા, પોતાના મિત્ર શ્રેણિકમહારાજ તેમજ દેશ, નગર, ગ્રામ, હાથી, ઘોડા વિગેરેના કુશલ સમાચાર

પુછયા તેથી મંત્રીયે સર્વત્ર કુશળતા કહીને, સુરત્રાણુના પણ સમાચાર પુછયા. ભેટણુ મુકયુ અને તે ભેટણાને લઇ ખુશી થયો. તે સમયમાં આર્દ્રકુમાર ત્યાં હતો તેણે પોતાના પિતાને પુછયું કે, શ્રેણિકરાજા કોણ છે, ત્યારે તેના પિતાયે કહ્યું કે, મગધ દેશનો રાજા છે, તેમને તથા અમારે લાંબા કાળથી અરસપરસ પરમ પ્રીતિ ચાલી આવે છે.

ત્યારબાદ આર્દ્રકુમારે મંત્રિને પુછયું કે, તમારા રાજાને કોઇ પુત્ર છે કે ? હોય તો હું પણ તેમના જોડે મિત્રાઈ કરૂં. ત્યારબાદ મંત્રીયે કહ્યું કે, શ્રેણિક મહારાજને પરસ્ત્રી સહોદર, સર્વ વ્યસનોને નિવારણ કરનાર, ચાર પ્રકારની બુદ્ધિનો નિધાન, પાંચસો મંત્રિયોનો સ્વામિ તથા શ્રેણિક મહારાજના પ્રસાદનું પાત્ર પુન્યશાળી **અભયકુમાર** નામે પુત્ર છે.

અભયકુમારના નામને સાંભળવા માત્રથી આર્દ્રકુમારના અંતઃકરણમાં પ્રીતિ ઉત્પન્ન થઇ, તેથી મંત્રિને કહ્યું કે તમો જ્યારે તમારા દેશમાં જાઓ ત્યારે મને મળ્યા શિવાય જશો નહિં.

ત્યારબાદ સુરત્રાણે કેટલાક દિવસ મંત્રિને પોતાના પાસે રાખી ભેટણું આપી વિદાય કર્યો; તે વખતે આર્દ્રકુમાર પાસે મંત્રિ ગયો.

આર્દ્રકુમારે પણ અભયકુમાર માટે વસ્ત્રાલંકાર, વિવિધ પ્રકારના રત્નાભૂષણો મોકલી કહેવરાવ્યું કે, આર્દ્રકુમાર તમારા સાથે પ્રીતિ કરવાની ઇચ્છા રાખે છે.

મંત્રિયે રાજગૃહે જઇ અભયકુમારને ભેટણું આપી મુખેથી સર્વ કહી સંભળાવ્યું, તેથી અભયકુમાર વિચાર કરે છે કે કોઇ ઉત્તમ જીવ છે, તે વિના મહારા સાથે પ્રીતિ કરવાની તેમની ઇચ્છા થાય નહિં.

એમ વિચાર કરી આર્દ્ર દેશના આવેલા માણસોને વીરભગવાનની રત્નમયી એવી તેમજ આભૂષણોથી સુશોભિત **પ્રતિમા** નાના પ્રકારના પૂજાના ઉપકરણો સહિત પેટીમાં મુકી, પોતાના નામનું સીલ કરી આવેલા માણસોને આપીને કહ્યું કે, આ મહારૂં ભેટણું આર્દ્રકુમારને હાથો હાથ આપજો. તમેજ કહેજો કે, એકાંત જગ્યામાં જુવે. બીજા કોઇને દેખાડે નહિં એમ કહી આવેલા માણસોને વિદાય કર્યા.

તેમણે પણ ત્યાં જઇ આર્દ્રકુમારને સમાચાર પૂર્વક પેટી આપી અને તેણે એકાંતમાં ઉઘાડી વીર ભગવાનની મૂર્તિ જોઇ ! વિચાર કરે છે કે આ આભૂષણ કાનનું છે ? કે મસ્તકનું છે ? કે કંઠનું છે ? કે હસ્તનું છે ? એમ વિચાર કરી પોતાના સન્મુખ પરમાત્માની મૂર્તિ રાખી તે દેખતા વિચાર થયો કે આવું પૂર્વે મેં કયાંઇક દેખેલ છે તેમ ઇહાપોહ કરતા આર્દ્રકુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું ને પૂર્વ ભવ દેખ્યો.

અહો ! પૂર્વ ભવને વિષે હું બ્રાહ્મણ હતો વૈરાગ્ય પામી મેં દિક્ષા લીધી ને મનના સાથે વિચાર કર્યો કે સાધુપણામાં સર્વ સારૂ પણ હાથ, પગ, ધોવા નહિ તે સારૂ નહિ કારણ કે કહ્યું છે કે,

**वर्णानां ब्राह्मणो गुरुरितिवयं सर्व मुख्याः शौचस्थानकाः.**

**ભાવાર્થ**—સર્વ વર્ણો એટલે જાતિયોનો બ્રાહ્મણ ગુરૂ કહેવાય છે તે માટે અમે સર્વ વર્ણના મુખ્ય રહેલા છીએ તથા શૌચના સ્થાનભૂત કહેવાઇએ, તેમજ પવિત્ર કહેવાઇએ, માટે એક સાધુપણું સારૂં છે. પણ શૌચાદિક નથી તે સારૂં નથી. આવી રીતે જાતિમદના કરવા વડે કરી હું મલેચ્છ કુળમાં ઉત્પન્ન થયો છું.

આવી રીતે વૈરાગ્ય થવાથી સંસારથી ઉદ્વિગ્ન થયેલો આર્દ્રકુમાર અભયને કેવી રીતે મળવું તેનો વિચાર કરવા લાગ્યો, પણ નહિ સુજવાથી પોતાના પિતાદિકને પુછયું તેમણે પણ ઇહાંજ રહી મિત્રાઇ કર વિગેરે કહી નિષેધ કરવાથી મહા કષ્ટ વડે કરી, અભયકુમાર પાસે ગયો, ત્યાં અભયકુમાર મહા મહોત્સવ પૂર્વક નગરને વિષે પ્રવેશ કરાવી પોતાને ઘેર લઈ ઘણી સારી ભકિત કરી.

આર્દ્રકુમાર વીર ભગવાનની દેશના સુણીને શ્રવણ કરીને દિક્ષા લેવા તત્પર થયો. ત્યારે ભગવાને કહ્યું કે, હજી તને ભોગ કર્મ ફળ બાકી છે. તેથી આર્દ્રકુમાર બોલ્યો કે હે ભગવાન ! રૂણ કહેતા દેવું છે તે તો પોતાની મેળેજ મુકત થઇ જશે. કહ્યું છે કેઃ—

**यतः**

तो तुंगोमेरुगिरी, मयरहरो तावहोइदुरुत्तारो,
ता विसमाकज्जगई, जाव न धीरा पवज्जंति. ॥ १ ॥

**ભાવાર્થ**—ત્યાંસુધી મેરૂ પર્વત મહાન છે, તથા ત્યાંસુધીજ સમુદ્ર દુઃખે કરીને ઉતરવા લાયક કહેતા તરવા લાયક છે, તેમજ કાર્યની વિષમ ગતિ ત્યાંસુધી જ છે કે જ્યાંસુધી ધીરવીર પુરૂષો કાર્યને પકડતા નથી. જ્યારે કાર્યને ધૈર્યવંત પુરૂષો ગ્રહણ કરે છે, ત્યારે મહાન પદાર્થ પણ અલ્પ થઇ જાય છે એટલે મહાન પદાર્થની પ્રાપ્તિને પૂર્ણ કરે છે.

આવી રીતે સાહસિક વૃત્તિથી દિક્ષા લીધી અને ગ્રામને વિષે એક રાત્રિ તથા નગર વિષે પંચ રાત્રિ તથા છઠ, અઠમ, દશમ, દ્વાદશ વિગેરે તપસ્યાને કરતા ભૂમિ મંડળ ઉપર વિહાર કરવા લાગ્યા.

એકદા વસંતપુર નગરના ઉદ્યાનને વિષે આવી કાઉસ્સગ્ગધ્યાનમાં રહ્યાં. ત્યાં ઘણી કન્યાઓ ક્રિડા કરવા આવી અને ક્રિડા કરતા વર–વરવાની ક્રિડા શરૂ

કરી. તેમાં સર્વ કન્યાઓએ કોઇયે કાંઇક, કોઇએ કાંઇક જુઠી વસ્તુને વરરૂપે વરી, સમગ્ર પદાર્થ પૂર્ણ કર્યા. હવે એક કન્યા બાકી રહી, પણ તેને વરવા કોઇ પણ પદાર્થ બાકી નહિ હોવાથી અન્ય સર્વ કન્યાઓએ હાંસી કરી તેથી તે સ્ત્રી અત્યંત અંધારામાં સ્તંભની બુદ્ધિ ધારણ કરી બોલી કે, મેં આ વરને વર્યો. તેવામાં સર્વ કન્યાઓએ તે દેખ્યું અને તેણીઓ બોલી કે આપણે તો જુઠાવર વરેલા છે, પરંતુ આણે તો સત્ય વરને વર્યો, તેથી તે કન્યા બોલી કે મ્હારો તો આજ વર છે. પાછળથી તે કન્યાના માતા પિતા તેમજ નગરના લોકો અને રાજાયે આર્દ્રકુમાર મુનિને આગ્રહ કરવાથી તથા વીર વચનો યાદ આવવાથી મહોત્સવ પૂર્વક તે કન્યાનું પાણીગ્રહણ કર્યું.

સંસાર સુખને ભોગવતા એક પુત્ર થયો. તેથી આર્દ્રકુમારે કહ્યું કે, બાર વર્ષના અંતે દિક્ષા લઇશ. અવસરની જાણ એવી તેની સ્ત્રી રેંટીયો લઇ સુતર કાંતવા બેઠી. લેખકશાળામાંથી આવી તેના પુત્રે કહ્યું કે હે માત ! આવું પામર પ્રાણીને ઉચિત એવું કાર્ય તેં શું આરંભ્યુ, ત્યારે તે બોલી કે શું કરૂ તારો પિતા દિક્ષા લેનાર છે તેથી મ્હારે રેંટીયા વિના બીજી શું ગતિ હતી.

તેથી પુત્રે માતાના હાથમાંથી કાંતેલું સૂતર લઇને કહ્યું કે, હે માત ! ફિકર કરીશ નહિ. હું મ્હારા પિતાને રોકી રાખીશ. એમ કહી સુતેલો પણ જાગૃત એવા તેના પિતાને જઇને સુત્રના તાંતણાથી વીંટી દઇ પોતાની માતાને કહેવા લાગ્યા કે, હવે ભય પામવાની જરૂર નથી. મેં મ્હારા પિતાને એવી રીતે બાંધેલ છે કે કયાંઇ જઈ શકશે નહિ. આવા વચનો બોલવાથી પોતાના પુત્રના ઉપર મોહદશાથી રાગ પ્રાપ્ત થયો તેથી તે બોલ્યો કે, જેટલા આંટા છે તેટલા વર્ષ ઘરમાં રહીશ. ગણત્રી કરતાં બાર આંટા નીકળ્યા. ફરીથી પણ બાર વર્ષ ઘરને વિષે રહી, અંતે વૈરાગ્યવંત થઈ વ્રત અંગીકાર કરવા વીર ભગવાન પાસે ચાલ્યા. માર્ગમાં ગોશાળાને જીતી, તથા હસ્તિને બંધનથી મુકત કરી, તાપસોને બોધ કરી, ભગવાનને વંદના કરી પ્રાયશ્ચિત લઇ વ્રત અંગીકાર કરી શુદ્ધ થયા. શ્રેણિક તથા અભયકુમારને ખબર પડવાથી ત્યાં આવી વંદના કરી પુછવા લાગ્યા કે, હસ્તિને બંધ થકી કેવી રીતે મુકત કર્યો. મહા આશ્ચર્યની વાત છે. ત્યારે આર્દ્રકુમાર મુનિ બોલ્યા કે, હસ્તિના બંધ તોડવા દુષ્કર નથી પણ સૂત્રના બંધ તોડવા બહુજ મુશ્કેલ પડયા. પછી યથાર્થ વાત કહેવાથી શ્રેણિક મહારાજ તથા અભયકુમાર આર્દ્રકુમાર મુનિને વંદના કરી સ્વ સ્થાને ગયા. આર્દ્રકુમાર મુનિ પણ કર્મ ખપાવી કેવળજ્ઞાન પામી મુકિત સુખના ભોકતા થયા.

આ આર્દ્રકુમારનું વૃત્તાંત જાતિ સ્મરણ જ્ઞાન થયા પછીનું શ્રી અષ્ટાન્હિકા-વ્યાખ્યાન તથા સમ્યકત્વરત્ન મહોદધિ વિગેરેમાં વિસ્તારથી જુદાજ પ્રકારે છે. તેહના અર્થિયે ત્યાંથી જોઇ લેવું.

**इति व्यवहारे अभयकुमार आर्दकुमारयो संबंध संपूर्णः**

# યતિઓની સાહિત્ય સેવા.

## (પ્રયોજક શેઠ પ્રેમચંદભાઈ રતનજી )

મને આ વિષય લખવાનો પ્રસંગ જુની શોધખોળને અંગેજ થયો છે. જૈન સમાજમાં જેવી રીતે પુસ્તક પ્રસિદ્ધિનો ઉત્સાહ વધતો જાય છે, તેવીજ રીતે પ્રાચીન શિલાલેખો, જુના રાસાઓ જૈન રાજાઓના સમયના સિક્કાઓ અને યતિઓના ચિત્રેલ ચિત્રોનો સંગ્રહ કરવામાં આવે તો સાહિત્ય ઉપર વિશેષ પ્રકાશ પડવાનો સંભવ છે. આ વિષયને કારણભૂત એક યતિનો જુનો ચોપડો સહાયભૂત થયેલ છે. નીચેની હકીકતથી માલમ પડશે કે જૈન સાહિત્ય કેટલું બધું વિશાલ છે કે જે હજી બહારજ આવ્યું નથી. જો તે બહાર આવે તો એમ નિસંદેહ કહી શકાય કે હિંદુસ્તાનમાં જૈન સાહિત્ય એટલું બધું છે કે ઇતર દર્શનની સાથે સરસાઇ કરી શકે ! અને તે સાહિત્ય તેની પાસે કંઇ પણ ગણત્રીમાં નથી; પરંતુ તેવો પ્રસંગ લાવવાને માટે હાલ આપણે નિદ્રામાં છીયે. ગમે તેમ હોય; પરંતુ તેવું સાહિત્ય પ્રસિદ્ધિમાં લાવવા દરેક જૈન વ્યકિત કે પછી સંસ્થા થોડે અંશે પણ પ્રયાસ કરે તો પણ આપણે આપણા દર્શનની એક સારી સેવા કરી ગણાશે, તેવા હેતુથીજ કાંઇક ન્યુન અંશે પણ અમારો આ પ્રયાસ છે. તેમાં બનતો પ્રયાસ કરી પ્રસિદ્ધિમાં લાવવાની ઉત્કટ ઇચ્છા છે, તો તે પરમાત્માની કૃપાથી પાર પડશે એમ હાલ માની જે આ પ્રયાસથી અને શોધખોળને અંગે પ્રાપ્ત થયું છે, તેમાંથી નીચે પ્રમાણેની ઉપયોગી હકીકત આપવામાં આવેલ છે. જે જુનો ચોપડો હાથ લાગેલ છે તેમાં તે યતિજીએ જે બોધયુક્ત શબ્દનો સમુચ્ચય કરેલો છે તેનુંજ બ્યાન હાલ નીચે મુજબ આપીએ છીયે.

" જીવ—અજીવ પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ. "

ધર્મ, અધર્મ, હેય, જ્ઞેય, ઉપાદેય, નિશ્ચય, વ્યવહાર, ઉત્સર્ગ, અપવાદ, આશ્રવ, પરિશ્રવ, અતિચાર, અનાચાર, અતિક્રમ, વ્યતિક્રમ. ઇત્યાદિક સાંભળ્યા વિના શાસ્ત્રના ભેદ ન જાણે.

સુઠામ, સુગામ, સુવાત, સુભ્રાત, સુમાત, સુતાત, સુકુલ, સુબલ, સુસ્રી, સુપુત્ર, સુક્ષેત્ર, સુદાન, સુમાન, સુરૂપ, સુવિદ્યા, સુદેવ, સુગુરૂ, સુધર્મ, સુદેશ, સુવેશ, સુબેન એ યોગવાઇ પુન્ય વિના ન પામે.

સુમતી, શીલવંત, સંતોષી, સત્સંગી, સ્વજન, સાચાબોલા, સત્પુરૂષ, સામલા, સુલક્ષણા, સુલઝા, સુકુલી (ણ) ન, ગંભીર, ગુણવંત, ગુણજ્ઞ એવા પુરૂષના સંગ કીજે.

ચપળ, ચંચળ, ચોલ, ચલવેધી, અધર્મી, અવિનીત, અધમ, અધિકબોલા, આકળા, અણાચારી, અતંગા, અધુરા, અમોહા, કુલક્ષણા, કુબોલા, કુપાત્ર કુઢાબોલા, કુશીલિયા, કુવિશની, ( કુવ્યસની ) કુલખંપણ ભંગુ, ભમતા, ભૂંડા, ભૂંછ, એવાનો સંગ ન કીજે.

### અથ દેશના નામ.

અંગ, અનંગ, તિલંગ, કાલિંગ, બંગ, ભંગ, બંગાલ, બબ્બર, વિદેહ, વત્સ, વૈરાટ, કર્ણાટ, લાટ, ઘાટ, ભોટ, મહાભોટ, કોણાલ, કામરૂ, કાશ્મીર, કૂંકણ (કોકણ) કચ્છ, કેકી, ગૌડ, તોડ, હબ્બસ્સ, બબ્બસ, માલવ, મગધ, મરૂસ્થલ, મેવાત, મરહટ્ટ, મેવાડ, રાષ્ટ, સૌરાષ્ટ, પંચાલ, પારકર, સિંધુ, પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર.

### પરદ્વિપના નામો.

હરમજ, બખખા, ગોહા, સવાકીન, કૌચી, (કોચી) મુસંબ (મુસંબી), મક્કા, દીવ, ઘોઘા, ડાહુલ, મલબાર, ચીઉલ, પશુંગું, પરત્કાલ, જાંબૂ, આંબૂ, સૂરતિ, (સુરત) ઢાકો (ઢાકા) મુલતાન, મદીના, પેગૂ, રોમ, સોમ, આરબ, બલખ, બુખારા, ચીણ, (ચિન) મહાચીણ (મોટુંચિન) ફરંગ, (ફીરંગી) હબસી.

### નગરના નામ.

દ્વારાવતી, દેવપુર, દેવકોપાટણ, સોરીપુર, (આગ્રા) સુદર્શનપુર, સામેરી, કાબેરી, કુંડ (દ) ણપુર, કોસંબી, કોસલા, (કોસલ બુદ્ધ જન્મભૂમિ) કાસી, કુણાલા, દ્વારાવતી, દેવપુર, કાબેરી, કોઇલાપુર, (કોલ્હાપુર) કનકપુર, કાકંદી, વિનીતા, વિસાલા, વાણરસી (બનારસ) વલભી, (વળા) અયોધ્યા, એવંતી, એલચપુર, અહિછત્રા, પાવા (નાગરોની ઉત્પત્તિનું સ્થાન, પાડલીપુર, ચંદેરી, ચંપાવતી, ગંધાર, ગજપુર, ગંધલાવતી, ભદ્દિલપુર, ભરૂઅચ, (ભરૂચ), તિચકપુર, ત્રાંબાવતી (ત્રંબાવતી હાલનું ટીમાણા) મથુરા, અચ્છિણાઉર (હસ્તિનાપુર)

ઉપરનો શબ્દસંગ્રહ યતિઓનું ભૂગોલ સંબંધીનું જ્ઞાન જણાવે છે. શોચનીય એજ કે જૈનમાં શોધકની ખામી હોવાથી અન્યોને, જૈન યતિઓના જ્ઞાન સંબંધી, તથા જૈનસાહિત્ય અન્ય સાહિત્યને કેટલું ઉપયોગ થઇ પડે તે વિષે અજવાળુ પાડે ? (અપૂર્ણ).

---

## એક મનોરંજક પ્રભાત.

વિશ્વના મહદ્ વાતાવરણમાં પ્રાતઃકાળ એ અવનવા ભાવોનું ઉત્પાદક છે; છતાં રાત્રિના અંધકારનો ક્રમશઃ નાશ કરતું, દિવસના થાકનો શ્રમ રાત્રિએ નિદ્રાદ્વારા દૂર કરી જાગૃત થયેલા પ્રાણીઓમાં નવીન આશા રેડતું, ભકતજનોના હૃદયોને ઇષ્ટ દેવોના નામઘોષથી વિકસિત કરતું, આધ્યાત્મિક જીવનમાં યોગ બળ અર્પતુ અને સંસારના સર્વ પ્રાણીઓને જન્મની સાથેજ મૃત્યુની ભાવના છે. તેવું સૂચવન કરતું પ્રભાત મનુષ્યના અંતઃકરણમાં વિલક્ષણ ચમત્કાર કેમ ઉપજાવતું નથી ? શું આ કાળમાં એ પ્રભાતની અદ્ભુત શાકતને હ્રાસ થઈ ગયો છે ? ના; એમ નથીજ. શાસ્ત્રકારો એમ કહે છે કે મનુષ્ય હૃદયની ભૂમિકા જ્યાં-

સુધી અમુક સ્થિતિ-મર્યાદા સુધી ખેડાઇને તૈયાર થઇ નથી, ત્યાંસુધી એ પ્રભાતનું સામર્થ્ય તેના હૃદય ઉપર પ્રકાશ નાંખી શકે નહિ, ત્યારે એ પ્રકાશથી હૃદયને વિકસિત કરવાને માટે એટલે કે એ પ્રકાશને ઝીલવાને માટે એ ભૂમિકાને તૈયાર કરવી જોઇએ; અને તેનેજ માટે વિવિધ પ્રયાસો જુદા જુદા પ્રકારે યોગ્યતા અનુસાર પ્રબોધેલા છે, ત્યારે પ્રાતઃકાળ એ ગત દિવસના સર્વ ભાવોનું વિસ્મરણ કરાવી " જાગ્યા ત્યાંથી સવાર ' એ સાદી પણ ઉચ્ચ પ્રકારની જાગૃતિ સૂચક કહેવતને પોષનાર ઉત્તમ સમય છે. રાત્રિ દૂર થઈ પ્રાતઃકાળ જેનો ભાગ્યયોગ બળવાન્ હોય તેનેજ પ્રાપ્ત થાય છે, કેમકે તે વખતે આજના દિવસમાં મારે કેવી રીતે કયા સંજોગોમાં વર્તવાનું છે. એવા પ્રશ્નનો ઉદ્ભવ થાય છે, અને તે ઉપરથી દિવસનો કાર્યક્રમ નક્કી થાય છે અને રાત્રિ ફરીથી ન આવે ત્યાંસુધી એ આખા દિવસનો જેટલા પ્રકારમાં શુભ સંયોગોને અવલંબી લાભ લેવાય તેટલો લેવાનું પ્રેરક બળ ( motive power ) સમર્પે છે.

જે સમયે રાત્રિએ આ જગત્ ઉપરથી પોતાનો અંધકારપટ સમેટી લીધો છે, તારાઓનું તેજ મંદ થતું જાય છે, અને પક્ષીઓ પણ પોત પોતાના માળામાં તૈયાર થઇ જુદી જુદી દિશાએ ઉદરપૂર્તિ અર્થે જવાને કિલકિલાટ કરી રહ્યા છે તેવા શિશિર ઋતુના પ્રાતઃકાળના સમયે એક વખત અનેક શિષ્ય પ્રશિષ્યથી પરિવૃત એક સચ્ચારિત્રધર મહાત્માની કૃપાવૃષ્ટિથી સિંચન થતો એક સંઘ ભાવનગરથી શ્રી સિદ્ધગિરિજીને ભેટવા અત્યંત આતુરતાથી પગભર થઇ તે મહાત્માના પગલાને અનુસરતો પ્રયાણ કરતો હતો. માર્ગમાં સૌરાષ્ટ્ર દેશના નાના ગ્રામોમાં રોકાઇ સિદ્ધગિરિજીની પ્રાપ્તિના દિવસોનું અંતર કમી કરતો હતો. માર્ગમાં એક ગ્રામમાં જ્યાં સંઘે નિવાસ કર્યો ત્યાં મધ્યાહ્ને સિંહાસન ઉપર મૂર્તિ પધરાવી સ્નાત્ર વિધિ પૂર્ણ કરી મંડપમાં પૂજા ભણાવવાનું વિધિ અનુસાર શરૂ કરવામાં આવ્યું; મનુષ્યોથી મંડપ ચીકાર ભરાઇ ગયો હતો; તે પ્રસંગે સંઘ મહોત્સવ નિમિત્તે બોલાવેલા ઉસ્તાદ ભોજકે પૂજા ભણાવવી શરૂ કરી; એ ઉસ્તાદનો કંઠ મધુર હતો તે સાથે સાજની એવી એકતા હતી કે બીન અનુભવી શ્રોતાને પણ આહ્લાદ ઉપજે તેવું હતુ; આ સમયે રૂપાની ઘંટડી જેવા કોમળ અને શ્રોતાઓને મુગ્ધ બનાવી દે તેવા સ્વરવાળા પૂર્વોકત મહાત્માને એક પૂજા ભણાવવાનું કહેવામાં આવ્યું. જેથી, આ પ્રકારે તેઓએ સુંદર આલાપ કર્યો જેનો અર્થ વિચારતાં ચિત્તને અતિ આહ્લાદ ઉપજતો હતો, અને જેના ભણકારા અનેક ક્ષણો સુધી ચિત્તમાં આનંદના ધ્વનિઓ ઉપજાવી શાંતિ અર્પતા હતા; તે સુંદર પૂજાનું આપણે અહીં અવતરણ કરી એમા શું ગંભીર આશય છે તે વિચારીએ.

મિટ ગઇરે અનાદિ પીર, ચિદાનંદ જાગો તો સહી, ( અંચલી )
વિપરીત કદાગ્રહ મિથ્યારૂપ જે, ત્યાગો તો સહી;
જિનવર ભાષિત તત્વરૂચિ ઢિગ, લાગો તો સહી—મિટ ગઇ૦ ૧

દર્શન વિના જ્ઞાન નહિ ભવિને, માનો તો સહી,
વિના જ્ઞાન ચરણ ન હોવે, જાણો તો સહી—મિટ ગઇ૦ ૨
નિશ્ચય કરણરૂપ જસ નિર્મલ, શક્તિ તો સહી,
અનુભવ કરત રૂપ સબ છંડી, વ્યકિત તો સહી—મિટ ગઇ૦ ૩
સત્તા શુદ્ધ નિજ ધર્મ પ્રકટ કર, ઠાનો તો સહી,
કરણ રૂચિ ઉછલે બહુ માને, ઠાનો તો સહી—મિટ ગઇ૦ ૪
સાધ્યદષ્ટ સર્વ કરણી કારણ, ધારો તો સહી,
તત્વજ્ઞાન નિજ સંપત માની, કરો તો સહી—મિટ ગઇ૦ ૫
આત્મારામ આનંદ રસ લીનો, પ્યારો તો સહી,
જિનવર ભાષિત સત્ય માન કર, સારો તો સહી—મિટ ગઇ૦ ૬

શ્રીમદ્ વિજયાનંદસૂરિજી શું કહે છે ? હે સચ્ચિદાનંદઘનસ્વરૂપ આત્મન્ ! અનાદિ કાળની પીડા રૂપી રાત્રિ હવે દૂર થઇ છે માટે જાગૃત થાઓ. મિથ્યાત્વરૂપી વિપરીત ભાવવાળો આગ્રહ તજી જિનેશ્વર કથિત તત્વજ્ઞાનમાં અત્યંત પણે પ્રેમ કરો; આ પદમાં એમ દર્શાવે છે કે આ આત્મા અત્યારસુધી નિદ્રામાં હતો. હવે કર્તા કહે છે કે જિનેશ્વરપ્રભુ જેવું આવું સબળ આલંબન મળ્યું, મનુષ્ય જન્મ અત્યંત પુણ્યની રાશિ એકઠી થવા પછી પ્રાપ્ત થયો તો હવે કયાં સુધી તું ઉંઘીશ ? શાસ્ત્રકારોએ સ્વપરનો વિવેક થવો એનેજ આત્માની જાગૃતિ કહી છે. અને એ જાગૃતિ મિથ્યાવાસના દૂર થવાથી જ થાય છે. આત્મા કોણ છે ? તેને અને તેની આસપાસના સંયોગોને શું સંબંધ છે ? વાસ્તવમાં વિચારે તો જન્મ વખતે જે કાંઇ સાથે લાવ્યો નથી તે મૃત્યુ પછી શું સાથે લઇ જવાનો છે ! જે જે પૌદ્ગલિક સ્થૂળ સંબંધો જન્મ પછી તેણે પોતાની આસપાસ વીંટાળ્યા છે, તેના બંધો માત્ર ઉપચરિત છે. તત્વદ્દષ્ટિએ આત્માને કાંઈ લાગતું વળગતું નથી. જે હર્ષ શોકમાં કે સુખ દુઃખમાં તે અન્ય નિમિત્તો દેખીને મગ્ન થાય છે તે મૂળ સ્વરૂપમાં તેના પોતાના હોતા નથી. માત્ર પૂર્વની ટેવો, અભ્યાસ અને સંસ્કારથી પરિચિત કરેલા આત્માઓમાં તેવી અસર શીઘ્ર થાય છે અને નવાં કર્મોને ઉપાર્જન કરી આત્મજાગૃતિથી બેનસીબ રહે છે. જ્યારે વિવેક દૃષ્ટિસંપન્ન પુરૂષો સ્વપર વસ્તુનો ગુરૂદ્વારા શાસ્ત્રદ્વારા નિર્ણય કરી લે છે અને અનાદિ કાળની વાસનાઓ ઉપર દરરોજ પ્રબળ કુહાડાઓ મારી તેનું બળ ક્ષીણ કરતા હોય છે અને આત્મદર્શનમાં આગળ વધતા હોય છે. એ વિવેકદૃષ્ટિ એજ એમની અનાદિ તીવ્રમોહની પીડા દૂર થવા પછીની જાગૃતિ છે. એ જાગૃતિમાં બહિરાત્મભાવ ( subjective condition ) દૂર થઇ અંતરાત્મામાં (objectiev condition) પ્રવેશ કરે છે અને તે સમયે તેને જિનદર્શન-સત્યદર્શનના તત્વોમાં પ્રતીતિ થાય છે અને શુદ્ધ માર્ગ ઉપર તે ઉભો રહે છે; હવે તે અત્યારસુધી ભૂલો પડયો હતો તે મટી મૂળ રસ્તા ઉપર આવી હવે કેટલો પંથ કાપવાનો છે તેનોજ વિચાર કરે છે. આત્માની ચાર પ્રકારની જુદીજુદી અવસ્થાએ છે. તેમાં પ્રથમ સુષુપ્તિ છે. આ આત્મા અનાદિકાળથી

મિથ્યા વાસનામય ગાઢ નિદ્રામાં સુતો છે. તેવી સ્થિતિમાંથી વિશિષ્ટ પ્રકારના ક્ષયોપશમથી પંચેંદ્રિય અને મનોબળરૂપ સાધન પામી સદ્‌ગુરૂ દ્વારા અથવા શાસ્ત્રદ્વારા સ્વહિત શ્રવણ કરી તેનું પાલન કરવા તત્પર થાય છે તે જાગ્રત્ દશા છે. આ જાગૃત દશા પ્રાપ્ત થયા પછીજ સદ્‌ગુરૂનો ઉપદેશ આત્માને અસર કરે છે નહિ તો ઉષર ક્ષેત્રમાં વૃષ્ટિની માફક નિરર્થક નીવડે છે. જ્યારે વસ્તુ સ્વરૂપને આત્મા ઓળખે છે, હેયોપાદેયનો વિવેક સમજે છે, શરીર, ધન, પુત્ર, સ્ત્રી, હવેલી, અલંકારો વિગેરેને પર માની લેવા જેટલી શક્તિ ધરાવે છે ત્યારે રાગ અને દ્વેષ પરિણુતિ જે મન રૂપ સાધનદ્વારા તેને વારંવાર મુંઝાવતી હતી, તે અલ્પ પરિસ્થિતિમાં અસર કરી શકે છે. કેમકે સત્ય સ્વરૂપની શ્રદ્ધા અહીં થતી હોવાથી અન્ય વિકલ્પો દૂર થઇ જાય છે; અને અનાદિ કાળથી જે આત્માને અનેક પ્રકારની પીડાઓ પૈકી એક પ્રબળ પીડા હતી તે ઓછી થાય છે અને એ રીતે આત્મા અમુક અંશે એમાંથી મુક્ત થાય છે. સદ્‌ગુરૂનો યોગ અને સર્વજ્ઞ શાસ્ત્ર પોતાની આગળ પ્રાપ્ત થવા છતાં જે આત્માઓની સષુપ્તિ દૂર થઇ નથી તેમને હજી પૂર્વપારચિત સંસ્કારોની નિવિડતા મટી નથી. જે મન અહીં પ્રાપ્ત થયેલું છે તેના ઉપર પૂર્વ ભવના સંસ્કારોની છાપ પડેલીજ હોય છે જો તે સહજમાં નિવારણ થઈ શકે તેમ હોય તો આવા નિમિત્તોથી થાય છે અન્યથા મનુષ્ય જન્મ જે યોગ્ય ક્ષયોપશમ શાક્ત પ્રાપ્ત કર્યા છતાં કોઇ પણ પ્રકારના ચોક્કસ લાભ વગર પૂર્ણ કરે છે, ત્યારે જિનેન્દ્રકથિત ઉપર રૂચિ એ સમ્યગ્‌દર્શન અથવા આત્માની એક વિશિષ્ટ પ્રકારની ઉત્ક્રાંતિ છે જે તેને સર્વથા મુક્ત કરવામાં અચૂક સાધન તરીકે કામ લાગે છે. એટલું તો ચોક્કસ છે કે જો મનુષ્ય જન્માદિ શુભ સામગ્રીઓ પામીને શાસ્ત્રના નિર્ઘોષો આપણા કાન ઉપર અથડાવા છતાં નવું ચૈતન્ય સ્ફુરાવે નહિ તો અમુક પ્રકારના દુઃખોત્પાદક નિમિત્તથી જ્યારે આત્મજાગૃતિ થશે ત્યારે પશ્ચાત્તાપનો પાર રહેશે નહિ અને જે પરિસ્થિતિઓ પોતાનીઆસપાસ વિચારોની યુવાન અવસ્થામાં એકત્રિત થયેલી હતી તે મળવી મુશ્કેલ થશે. જ્ઞાન ધન અને અખંડ આનંદસ્વરૂપ પોતાના આત્માને જગતના અનંત પદાર્થોમાંથી ઓળખી કાઢવો એ કાંઇ જેવી વાત નથી તેનેજ માટે શાસ્ત્રોનો પ્રયાસ છે, તેનેજ માટે સર્વ ક્રિયાકાંડો છે, તેનેજ માટે વિદ્વાનોનો વિલાસ છે; તો તેને ભુલી જવાથી અન્ય વસ્તુ ઉપર જે કદાગ્રહ વૃદ્ધ થવા પામી હતી તે આત્માની જાગૃતિથી દૂર થાયછે, અને જિનોક્ત સત્ય સ્વરૂપને ( abstract ideal ) ઓળખે છે.

સૂરિજી મહારાજ તેટલા માટે બીજા પદમાં એમ કહે છે કે સમ્યગ્‌દર્શન થયા વગર જ્ઞાન સંભવતું નથી તેમજ જ્ઞાન વગર ચારિત્ર હોઈ શકે નહિ તે બરાબર છે. આપણે એટલું તો જાણીએ છીયે કે શાસ્ત્રો અને ઉપદેશ એ શ્રુતજ્ઞાનના નિમિત્તો છે. આત્મામાં રહેલું જ્ઞાન તેને પ્રકટાવવાને તે કારણો છે. પરંતુ એ જ્ઞાન

આત્મા સાથે તદાકાર પરિણત જો સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું હોય તોજ થઇ શકે. કેમકે વ્યવહારમાં આપણને શ્રદ્ધા વગર કોઇ પણ વસ્તુનું સત્ય જ્ઞાન પ્રાપ્ત થઇ શકતું નથી; તો સત્યતત્વની પ્રતીતિ થયા વગર સત્યજ્ઞાન શી રીતે પ્રાપ્ત થઇ શકે ? આ રીતે એકડા વગરના મીંડાની જેમ સમ્યગ્દર્શન વગરના જ્ઞાનની સ્થિતિ છે. ગમે તેટલું ભણી જાઓ, સંખ્યાબંધ પંક્તિઓને ગોખી કંઠસ્થ કરો, દુનિયાને વાચાળતાથી આંજી દેવા પ્રયત્ન કરો પરંતુ અંદર આત્મામાં તત્વરૂચિ થઇ નથી તો એ તમારૂં જ્ઞાન સ્થાયી અસરવાળું થઇ શકતું નથી. આમ હોઇ સૌથી પ્રથમ આત્મામાં સમ્યગદર્શન ગુણ કેવી રીતે પ્રકટે તેનો પ્રયાસ કરી તે પ્રમાણે પ્રકટાવવાની જરૂર છે; જેથી તે સ્થિતિની પછી પ્રાપ્ત થતા જ્ઞાનને ભાવના જ્ઞાન શાસ્ત્રકારે કહેલું છે અને તેજ જ્ઞાન વાસ્તવિક છે. તે જ્ઞાનનું અજીર્ણ કદાપિ થતું નથી ઉલટું તે જ્ઞાન વિરતિ વિગેરે ગુણોનો સંગ્રહ કરવામાં સાધનભૂત થાય છે એ રીતે ઉત્તરોત્તર આત્માના વિકાસનો અનુક્રમ સધાય છે; આમ હોઇનેજ શાસ્ત્રકારે સમ્યગ્દર્શન વગરના નવ પૂર્વ સૂધીના જ્ઞાનને અજ્ઞાન કહીનેજ સંબોધ્યું છે. **ज्ञानस्य फलं विरति** એ સૂત્રને આ પદ યથાર્થ ન્યાય આપે છે. આત્મપ્રદેશોમાં સમ્યગદર્શન પ્રકટ થયા વગરનું આત્માએ મેળવેલું જ્ઞાન એ જ્યારે અજ્ઞાનજ છે તો બીજ આધાન થયા વગર ફળ કયાંથી હોઇ શકે? પરંતુ સમ્યગ્દર્શનની પ્રાપ્તિની સાથેજ દુનિયામાં પ્રયાસ કરી મળેલું જ્ઞાન સમ્યગ્જ્ઞાન રૂપે પ્રકટે છે અને તે જ્ઞાન ઉત્તરોત્તર ભોગ તૃષ્ણા, સાંસારિક પ્રપંચો અને મિથ્યા વાસનાઓથી વિરમણ કરવાને આત્માને દરરોજ સૂચવે છે. દિવસ કે રાત્રિમાં આત્માથી જે કાંઇ ભોગ તૃષ્ણા અથવા જે કાંઇ વાસનાઓ પૂર્વ પરિચિત સંસ્કારોથી પ્રબળપણે સેવન કરાતી હોય તેને તે જ્ઞાન હચમચાવે છે; અને પ્રતિક્ષણે તેના ઉપર આત્માને જય મેળવવા માટે પ્રાર્થના કરે છે. જ્ઞાન સમ્યક્ સ્વરૂપવાળું થવાથી આત્મા તેની પ્રાર્થના સ્વીકારતો જાય છે, અને જેમ જેમ વિરામભાવ વધતો જાયછે તેમ તેમ મેળવેલું જ્ઞાન એ સત્યજ્ઞાન સ્વરૂપ છે. તેમ સ્વ અને પરને પ્રતીતિ થાય છે. આત્મગુણના વિકાસનો ઉત્તરોત્તર ક્રમ આવો હોવાથી સૂરિજી મહારાજ આત્માને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનું પ્રથમથીજ સુચવે છે.

તૃતીય અને ચતુર્થ પદમાં સંગ્રહ નય અને એવંભૂત નયથી આત્મ સ્વરૂપનું દર્શન કરાવ્યું છે. આ આત્મામાં શકિતરૂપે સમ્યગ્દર્શન રહેલું છે. પરંતુ જ્યારે સર્વ વિભાવ દશા તજી શુદ્ધ ધર્મ પ્રકટ કરવા તરફ સાધક તૈયાર થાય છે, ત્યારે એ સ્વરૂપ વ્યકત થાય છે. સંગ્રહનય આત્માના સત્તારૂપે સર્વ ગુણો છે. તેમ સ્વીકાર કરે છે. પરંતુ એવંભુતનય જ્યારે તે ગુણો પ્રકટ થાય છે, ત્યારેજ તે ગુણોનું અસ્તિત્વ માન્ય રાખે છે. તેથીજ શ્રીમદ્ દેવચંદ્રજી વદે છે કે—

એમ અનંત પ્રભુતા સર્દહતાં અર્ચે જે પ્રભુ રૂપજી;
દેવચંદ્ર પ્રભુતા તે પામે પરમાનંદ સ્વરૂપજી.

આ રીતે સત્તામાં રહેલો શુદ્ધ ધર્મ—સ્વરૂપ પ્રકટ કરતાં અત્યંત બહુમાન પુર્વક આત્મિક વીર્ય ઉલ્લસાયમાન થાય છે. આ પ્રસંગે આત્માની સ્થિતિ પોતે અનુભવ કરનારજ જાણે છે કેમકે અનાદિ કાળથી પૂર્વ પરિચિત ટેવોમાં ટેવાયલો એકદમ સત્ય વસ્તુનું ભાન થતાં કાંઇક નવા સ્વરૂપમાં પોતાને જુએ છે, અને અવર્ણનીય આનંદ તે પ્રસંગે અનુભવે છે. જેમ પર્ણકુટીમાં નિરંતર વસનાર અને નિદ્રા વખતે તેનાજ સંસ્કારોમાં સુનાર—જાગૃતિ સમયે પોતાને કોઈ વિદ્યાધરના પ્રયોગથી દિવ્ય ભુવનમાં આવેલો દેખે તે સમયે તેના હૃદયમાં જે ચમત્કાર ઉપજે છે તેવોજ કાંઇક ચમત્કાર આ સમયે પ્રકટે છે. તેનું વર્ણન ગમે તેવી કસાયલી કલમ કરી શકતી નથી, અને ગમે તેવો વકતા વિવરણ કરી શકતો નથી. માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો સામાન્ય રીતે આત્મામાં દાખલ થયા પછી સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે તેને યથાપ્રવૃત્તિ આદિ ત્રણકરણ કરવા પડે છે. આ કરણ એ આત્મવીર્યની સ્ફુરાયમાન જુદી જુદી અવસ્થાઓ છે. એ અવસ્થાઓ પસાર કર્યા પછી સમ્યક્ત્વ નામે ગુણ પ્રાપ્ત થાય છે. ભવિતવ્યતાના યોગે કહો કે અજાણ્યે આત્મબળની એકાએક વૃદ્ધિથી કહો—તેથી અષ્ટકર્મ પૈકી આયુષ્યકર્મ વિના શેષકર્મની એક કોડાકોડી સાગરોપમની સ્થિતિથી કાંઇક ન્યૂન સ્થિતિવાળો થાય છે ત્યારે જે આત્મવીર્ય તેનું હોય છે તેને જ્ઞાનીઓએ યથાપ્રવૃત્તિકરણ એવું નામ આપેલું છે. તેટલા સંયોગો પ્રાપ્ત થયા પછી જે આત્મવીર્ય પ્રગતિ કરતાં મિથ્યાત્વની નિબિડ ગ્રંથિ તોડે તેને અપૂર્વકરણ એવું નામ આપેલું છે. અને પછી અનિવૃત્તિકરણરૂપ નિશ્ચયકરણ જે રૂપ આત્મવીર્ય અવશ્ય અર્ધ પુદ્ગલ પરાવર્ત જેટલા મોડામાં મોડા કાળમાં પણ સર્વથા મુકત કરાવી આપે છે તે છે. પરિણામની વિશુદ્ધિએ અહીં આત્મા સમ્યકત્વ પ્રાપ્ત કરે છે શકિતરૂપે રહેલો તે ગુણ વ્યકત અનુભવે છે. આ વખતે દર્શન મોહનીય ત્રિક તેમજ અનંતાનુબંધિ ક્રોધ, માન, માયા અને લોભનો કાંતો સર્વથા ક્ષય થાય છે, અથવા તેટલા કાળ સુધી ઉદયમાન થતા એ આસુરી સત્ત્વોનો ક્ષય અને ભવિષ્યમાં ઉદય થતા એ સત્ત્વોનો ઉપશમ એવા પ્રકારની ક્રિયા આત્મામાં ચાલી રહે છે. આવી પરિસ્થિતિમા જીવને આત્મ તત્વ સંબંધી નિર્ણય થાય છે. તે એમ માને છે કે આત્મા નિત્ય છે, કર્મોનો કર્ત્તા છે, સ્વકૃત કર્મોનો ભોકતા છે, મુકિત છે અને મુકિતના ઉપાયો છે; તેને આ સ્થિતિ ચોળ મજીઠની જેવી દ્દઢ પ્રતીતિવાળી હોય છે. આવા તત્વોને સર્વાંગ સત્યપણે પ્રતિપાદન કરતા જિનોકત સિદ્ધાંત ઉપર એ પ્રતીતિનો પ્રવાહ વહે છે, અને જિન અને જિનદર્શન શિવાય અન્ય સિદ્ધાંતો અપૂર્ણ સત્યવાળા છે તેમ દ્દઢ શ્રદ્ધા પ્રકટે છે. અહીં એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે સમ્યક્ત્વ

વાન્ આત્માનું બાહ્ય લક્ષણ શું હોઇ શકે? અત્ર સ્થાને શાસ્ત્ર જે ઉત્તર આપે છે તે એ છે કે તે આત્મા સર્વ જીવોને મિત્ર ભાવે ગણી હિત બુદ્ધિમાંજ સદા તત્પર હોય છે. કદાચ કોઇ પ્રાણી તેનું અહિત કરે તો તે વિચારે છે કે પૂર્વ પરિચિત સંસ્કારોને તે પ્રાણી આધીન હોવાથી તેની બુદ્ધિ મારા તરફ વિપરીત ભાવે પરિણામ પામી તેમજ મને જે અનિષ્ટ પરિણામવાળું ફળ મળ્યું તે પણ મારા પૂર્વ કર્મના ઉદયેજ થયું છે. તે પ્રાણી તો પોતાના અને પરના કર્મના વિનિયોગ માટે નિમિત્ત માત્ર હતો. એમ વિચારી તે પ્રાણીનું મનથી પણ અનિષ્ટ ચિંતવે નહિ. તેમજ પરને સુખી જોઇ પોતે ખુશી થાય છે. सर्वे संतुनिरामयाः, माचभूत्कोऽपिदुःखितः એ ભાવનાને સતત્ પણે ધારણ કરે છે; ગુણો ઉપર રૂચિ થવાથી જ્યાં જ્યાં ગુણી જનોને દેખે અથવા જ્યાં જ્યાં ગુણોનો આવિર્ભાવો તેના જાણ્યામાં આવે ત્યાં ત્યાં તેની રોમરાજિ વિકસ્વર થાય છે અને તુરત નમી પડે છે; અને તેની ઉપાસના કરવા મંડી પડે છે. પરંતુ કોઇ પ્રાણીની નિંદા તો કરતોજ નથી. અતિ પાપી જીવ ઉપર પણ સુધારવાને માટે યથાશકિત પ્રયાસ કરે છે. છતાં એ મનુષ્યની યોગ્યતા-પાત્રતા પોતાની શકિત ઉપરાંત અસાધ્ય હોય તો તેની ઉપેક્ષા કરે છે.

ઉપરોક્ત હેતુને અવલંબીને સમ્યકત્વ પ્રાપ્ત થયા પછીની જે સ્થિતિ ચતુર્થ અને પંચમ પદમાં દર્શાવી છે તે યથાર્થ છે. સમ્યકતત્ત્વવાન્ આત્માની સર્વ કરણી મુક્તિરૂપ સાધ્યને સન્મુખ રાખીને જ હોય છે. એ સમ્યગ્ દર્શનરૂપ ગુણની પ્રાપ્તિ જ એવી સ્થિતિનું કારણ છે. અને પોતાની નિર્મળ જ્ઞાનરૂપ સંપત્તિ પ્રાપ્ત કરાવી આપવાનો અમોઘ ઉપાય છે. દુનિયાના જે જે પ્રસંગોનો સમ્યકત્વવાન્ આત્માને મેળાપ થાય છે તેમાં સાક્ષીરૂપે રહી તે તે કાર્યોને ઉચિત ન્યાય આપે છે પરંતુ તેમાં પણ જે કાંઇ અયોગ્ય અને અનુચિતપણું વિષય કષાય અને પ્રમાદના દોષોથી ઉપલબ્ધ થયું હોય તેને માટે પશ્ચાતાપ કરે છે અને તેનો આત્મા તેવા પ્રસંગોની ઠોકરોથી સાવચેત થતો હોય છે; સાધ્યદૃષ્ટિ તે આનું નામ છે. નિશુકપણું તો સમ્યગ્દર્શનની હયાતીમાં નાબૂદ થઈ ગયેલું જ હોય છે; અનાદિકાળથી જે મન મર્યાદા વગરના વિકલ્પો કરતું હતું તે હવે કાંઇક સ્વરૂપમાં મર્યાદામાં આવી જાય છે, કેટલીક સ્થિતિમાં અપરિમિત વિકલ્પોને રોકી શકવાના સામર્થ્યવાળું બને છે અને મનોબળમાં આ પ્રકારે વિજળીનો ઝણઝણાટ થવાથી તે અધિક વેગવાળું બને છે. કેમકે કુવિકલ્પો આવતાંની સાથેજ સાધ્યદૃષ્ટિ તરફ આત્માનું લક્ષ્યબિંદુ હોવાથી તે વિકલ્પોને વધતાં અટકાવે છે અથવા તે ન અટકી શકયા તો નિરાશાવડે પુનઃજાગૃત થઇ ભવિષ્યમાં તેના ઉપર વિજય મેળવવા માટે બળનો સંચય કરે છે. આ કાર્ય તેની પ્રવૃત્તિ ઉપર અસર કરે છે; તેથીજ સાધ્ય દૃષ્ટિવડે આ આત્માની ઉત્તરોત્તર પ્રગતિ થતી હોયજ છે. સાધ્યદૃષ્ટિ એ આત્માને ગુણસ્થાનો ઉપર ચઢ-

વાનું એક બળ છે. જે વિકારો મનદ્વારા આત્માને હેરાન કરતા હતા છતાં જેને આત્મા સતત્ પરિચયપણાથી કવચિત્ વિશિષ્ટ પ્રકારના બાહ્ય નિમિત્તથી સુખરૂપે અથવા કવચિત્ તેવાજ ઉલટા નિમિત્તથી દુ:ખરૂપે અનુભવ કરતો હતો તે હવે આ સાધ્યદૃષ્ટિની પ્રાપ્તિ પછી એ વિકારોની અસરને આત્મા નિર્જીવ કરી મૂકી છે. એટલે મનની શકિતનો અમલ તેવા પ્રકારે નહિ થતાં તે આપોઆપ અટકી જાય છે અને પોતાનો સંકલ્પ વિકલ્પનો ધર્મ હોવાથી તે શુભ વિચારણામાં જોડાય છે જેથી આત્માને તે અનુકૂળ સાધન થવાથી સાધ્યકાર્ય સન્મુખ પ્રેરે છે; આમ હોઇ સૂરિજીએ ઠીકજ કહ્યું છે કે જિનોકત તત્વ ઉપર રૂચિ કરીને આ મનુષ્ય જન્મને સફળ કરો; આ સમ્યગ્દર્શનરૂપ સ્વગુણ પ્રાપ્ત થવાથી આત્મા એક અપૂર્વ આનંદની વાટિકમાં વિહરે છે અને તેના આનંદરસનું પાન કરે છે.

આ સુંદર રાગમાં આવા અપૂર્વ ભાવસૂચક પૂજાનો ભાવ વારંવાર વિચારવાથી આત્માને બહુજ લાભ થાય તેમ છે; શાસ્ત્રના આશયો વિવિધ પ્રકારે જુદી જુદી પ્રકૃતિબદ્ધ આત્માઓને માટે શાસ્ત્રકારે બહુજ વિચાર કરીને પ્રયોજેલા છે; તેમાં સુંદર રાગથી આનતાનમાં લય પામતી આ પૂજા પણ પ્રાણીઓને અધિકારી પ્રમાણે તેના આશયોનું સ્વરૂપ વિચારતાં, કર્ણોને અમૃતપાન કરાવતી ચિત્તમાં આત્મજાગૃતિ કરાવે છે; જ્યાંસુધી આવી આત્મજાગૃતિ થતી નથી ત્યાંસુધી તે પ્રાણીઓને વસ્તુસ્થિતિએ સુષુપ્ત દશા છે તેમ જ્ઞાનીજનો સ્પષ્ટપણે કહે છે. તે સાથે એ પણ વિચારવાનું છે કે ઉત્તમ ભાવનાપૂર્વક સંઘસમુદાય તીર્થપ્રતિ સાથે મળીને જાય અને તેમાં આવા આલંબનો મળે તેવા આલંબનો અને સંયોગોની વચ્ચેજ આત્મજાગૃતિ થવી વિશેષ સંભવિત છે; કેમકે તીર્થ એ એવું પુષ્ટાલંબન છે તોપણ એ આલંબન જુદા જુદા પ્રકારના શુભ સંયોગોપર આધાર રાખે છે. એ શુભ સંયોગોને બની શકે તેટલી રીતે એકત્ર કરી એ આલંબન ગ્રહણ કરવાથી ધારેલું કાર્ય સફળ થાય છે; એ પણ ભુલવું જોઇતું નથી કે એકત્રિત સંયોગોથી તીર્થક્ષેત્ર તરફ શુભ ભાવનાથી પ્રયાણ કરતાં એક નહિ પણ અનેક જીવોનું આડકતરી રીતે કલ્યાણ થાય છે; પરંતુ બહુધા આવી સ્થિતિમાં પ્રાણીઓનું ચિત્ત સાધ્યબિંદુ ચુકી જાય છે અને અમૂલ્ય સમય નિરર્થક બનાવે છે; સંઘસમુદાયની આવી સ્થિતિમાં તેના સંયોગોને કેટલીક રીતે કેળવવાની જરૂર છે કેમકે આવી અનેક પ્રાણીઓને સમ્યગ્દર્શનના કારણરૂપ ઉચ્ચ સ્થિતિ હોવા છતાં સુંદર વ્યવસ્થાના અભાવે નિકૃષ્ટ પણ થઇ જાય છે; સદ્ભાવે પ્રાણીઓને બાહ્યનિમિત્ત તરફ ગૌણતા થવાથી આંતર નિમિત્તોમાં આત્માને જોડવાનો અવકાશ મળે છે; આવી સ્થિતિમાં કેટલાએક સમ્યગદર્શનને પ્રાપ્ત કરે છે, કેટલાએક વ્રત ગ્રહણ કરે છે, કેટલાએકમાં વૈરાગ્યવાસનાનું આરોપણ થાય છે, કેટલાકની આત્મભૂમિકા શુદ્ધ થાય છે અને કેટલાએકને માત્ર રૂચિ પ્રકટે છે. પૂજાના આશયને વારંવાર વિચારતાં એમ જણાય

છે કે આવા આલંબનો આત્માની નિદ્રા દશા દૂર કરી જાગૃતિ સમર્પે છે અને **क्या सोवे उठ जाग बाउरे** એ શ્રીમદ્ આનંદઘનજીના જાગૃતિ સૂચક અવસ્થા એજ અનાદિકાળની મોહનિદ્રા દૂર થયા પછીનું જીવનનું વાસ્તવિક પ્રભાત છે.

**શા. ફતેહચંદ ઝવેરભાઈ.**
ભાવનગર.

---

# ચર્ચાપત્ર.

અમારા આ માસિકમાં પન્યાસજી મહારાજ **શ્રીમદ્ દાનવિજયજી મહારાજ**ના ધર્મ સંબંધી વ્યાખ્યાનના આવતા લેખોમાં વ્યાખ્યાન સાતમું જેમાં "પ્રતિમા સિદ્ધિ" નો વિષય આવેલ છે તે બાબતમાં જૈન શાસન પત્રમાં(પુ૦ ૪ અંક ૪૧ ફાગણ શુદ ૩ તા. ૧૭-૨-૧૯૧૫ ના અંકમાં) શ્રમણના નામથી એક સમાલોચના આવેલ હતી, જેનો જવાબ અમારા આ માસિક પુ૦ ૧૨ અંક ૮ મામાં **તટસ્થ**ના નામથી આવ્યા બાદ જૈન શાસનના સંપાદક તરફથી નીચે મુજબ ખુલાસો જૈન શાસન પુ૦ ૪ અંક ૪૮ માં નીચે મુજબ આપવામાં આવ્યો છે.

## "અમારી અસમ્મતિ."

"શાસન" ના ગયા અંકમાં (ફાગણ શુદી ૩ ના અંકમાં) શ્રીયુત પન્યાસજી દાનવિજયજીના સપ્તમ (પ્રતિમા સિદ્ધિ) વ્યાખ્યાન વિષે 'આલોચના' નામનો જે લેખ પ્રગટ થયો છે, તેને અમે સમ્મત છીએ એમ કોઈએ સમજવું નહીં.

**સંપાદક જૈન શાસન.**

## "શ્રી આગમોદય સમિતિ."

શ્રી આગમોદય સમિતિ નામની સંસ્થા બંધુ શ્રી વેણીચંદભાઈ સુરચંદ મહેસાણાવાળા વગેરેના પ્રયાસથી જૈન બંધુઓની આર્થિક સહાય વડે શરૂ કરવામાં આવી છે. આ સંસ્થા જાણવા પ્રમાણે જૈન સિદ્ધાંતોની પંચાગી જોઇએ તેવી શુદ્ધ નહીં મળવાથી, વાંચના લેનારાઓ તેમજ વ્યાખ્યાનકાર મહાત્માઓને જે અગવડ પડતી હતી તે દૂર કરવા તેમજ તે પંચાગી સમેત આપણા સૂત્રો (આગમો) ની સ્થિતિ લાંબા વખત સુધી ટકી રહે તેટલા માટે આ સંસ્થાની યોજના કરવામાં આવી છે; વળી તે સંસ્થા તરફથી હાલમાં પ્રસિદ્ધ થયેલ જાહેરખબરમાં જણાવ્યા પ્રમાણે આગમના જાણકાર મુનિરાજો વધારે સંખ્યામાં એક સ્થળે એકઠા થઈ આગમો અને તેની ટીકા વગેરેની પ્રતોની વાંચના ચલાવવામાં આવશે, અને તેવી વાંચનાનું કાર્ય વધારે સ્થાને ચલાવવામાં આવશે, જેનો લાભ અન્ય મુનિરાજો અને શ્રાવકો પણ લઈ શકશે. ઉપર મુજબ વાંચનાથી શુદ્ધ થયેલ પ્રતો ઉપરથી પ્રેસકોપીયો કરાવી તે ફરી

વિદ્વાન્ મુનિરાજ પાસે વંચાવી ઉંચા કાગળ અને સારા ટાઈપ ઉપર છપાવવામાં આવશે. નકલો દરેકની ૫૦૦) છપાવતાં તે દરેક મોટા મોટા ભંડારોમાં તેમજ આ કાર્યમાં ભાગ લેનાર મુનિરાજોને ભેટ આપવામાં આવશે, તેને માટે એક રકમ પણ એકઠી થયેલ છે, અને તે માટે પ્રયાસ પણ જારી છે. આ કાર્ય જો સતતપણે ચાલે તો જૈન જ્ઞાનનો ખરેખર ઉદ્ધાર થશે. આવી સંસ્થાનું અસ્તિત્વ ખરેખર આવકારદાયક છે,

આ સંબંધમાં વિશેષ હકીકત જેમ જેમ અમોને મળશે તેમ તેમ હવે પછી પ્રગટ કરવામાં આવશે. (મળેલું.)

ॐ

## श्री जैन श्वेताम्बर श्री संघ की सेवा में

# अपील.

पाठक महानुभाव !

यह तो आपको ज्ञात है कि नार्थ वैस्टर्न प्राविंसिस ( संयुक्त प्रान्त ) में एक ही तीर्थ है जो बहुत बडा उत्तम और पूजनीय है। जो दिल्ली के पास मेरठ जिले में मेरठ से २२ माइल के अन्तर पर है, जिस का प्रसिद्ध नाम 'हस्तिनापुर' क्षेत्र है, जो अत्युत्तम तीर्थ है। जहां से तीन तीर्थङ्कर ( चक्रवर्ती ) श्रीशान्तिनाथजी, श्रीकुन्थुनाथजी और श्रीअरनाथजी के चार २ कल्याणक, चवन, जन्म, दीक्षा और केवल ज्ञान हुवे हैं अर्थात् तीनों भगवानों के १२ कल्याणक हुये हैं और वर्त्तमान कालीन चोवीस तीर्थङ्करो में प्रथम तीर्थङ्कर श्रीऋषभदेव स्वामी सर्व धर्ममार्गके बताने वाला का प्रथम पारना ईखूरस का १२ मास पश्चात् इसी स्थान पर हुवा था, यहां पर एक बडा प्राचीन मन्दिर श्री जैन श्वेताम्बराम्नाय का ( श्रीशान्तिनाथ भगवान् का ) है और वहां एक धर्मशाला भी है एवं एक टोंक भी है, जिसमें श्रीऋषभदेव स्वामी के चरणपादुका हैं, श्रीशान्तिनाथजी महाराज श्रीकुन्थुनाथजी महाराज, श्रीअरनाथजी महाराज की निशी भी हैं। पञ्जाब में भी इस तीर्थ से पृथक् प्रसिद्ध तीर्थ कोई नहीं है। यह बडा उत्तम रमणी स्थान है किन्तु शोक कि हमारे सब भाइयों का अब तक इस ओर पूरा ध्यान नहीं हुवा है, जिस उक्त स्थानमें जीर्णोद्वार की आवश्यकता है, इस समय मन्दिरजी के शिखर का भी मरम्मत होनी अत्यन्तावश्यक है और वेदीजी नई बनने को है, एवं मूल गुमारा, चौक का फरश भी सङ्गमरमर का बनवाना आवश्यक है तथा पुजारी के लिये धर्मशाला

के पास ही एक रहने का स्थान और बाग की चाहरदीवारी भी बननी चाहिये और भी धर्मशाला आदि के उपयोगी कार्य हैं, जिन का होना आवश्यक है ॥

वास्तव में जरूरी काम बनाने के लिये लगभग १५०००) की आवश्यकता है और मासिक खर्च मन्दिरजी के चलाने के निमित्त इस समय करीब ८०००) के होगा, जिस का प्रबन्ध ला० खैरातीलालजी जौहरी दिल्ली निवासी के पास है । अतः उपरोक्त रकम बहुत कम है जिस के व्याज से भी काम नहीं चलसकता है । उक्त धर्मकार्य के निर्वाहार्थ कम से कम १००००) और आना चाहिये, यदि इस प्रकार जैन श्वेताम्बराम्नाय भ्रातृगण हिम्मत करके २५०००) दान करें तो इस अत्युत्तम तीर्थक्षेत्र का जीर्णोद्धार होजावे और आगे को सदैव के लिये मुस्तकिल इन्तजाम मन्दिरजी और धर्मशाला के खर्चका होजावे ॥

आशा है धर्मप्रेमी सब भाई इस हमारी अपील पर अपनी २ शक्त्यनुसार इस परमधर्मकार्य के लिये दिल खोल दान देकर धर्मलाभ उठावेंगे । इस तीर्थ की शोचनीय दशा देखकर संयुक्तप्रान्तीय और पञ्जाब के भाईयों ने मिलकर इस तीर्थ के कुल प्रबन्ध के लिये एक कमेटी ( श्री जैन श्वेताम्बर तीर्थ कमेटी हस्तिनापुर ) वर्त्तमान में सङ्गठित की है और जिस में यह भी निश्चय हुआ कि जैन श्वेताम्बर भाई प्रत्येक वर्ष कार्त्तिक शुक्ला १४, १५ और फाल्गुण शुक्ला १४, १५ के अवसर पर भी इस उत्तम तीर्थ पर अवश्य एकत्रित हुआ करें । जिस से सज्जनों का समागम और मधुर व्याख्यानों का आनन्द और भगवान् के दर्शनादि अनेक अलभ्य लाभ हुआ करेंगे। आशा है कि हमारी इस विशेष प्रार्थना पर सर्व भ्रातृगण द्रव्यकी सहायता करते हुवे उक्त तीर्थ पर निश्चित तिथियों में तो अवश्य ही पधारने की कृपा करेंगे, किन्तु जो महाशय इस की सहायता में धन भेजें वह इस कमेटी के **खजाञ्ची ला० नवलकिशोर खैरातीलाल जौहरी चीराखाना देहली के पते से भेजें ॥**

निवेदकाः—

| | |
|---|---|
| ला० हजारीमल जौहरी प्रेसीडेन्ट ( सभापति ) | कीर्तिप्रसाद जैनी B. A. L. L. B वकील मेरठ |
| ला० खैरातीलाल जोहरी खजाञ्ची | आनरेरी सेक्रेटरी. |

**श्री जैन श्वेताम्बरतीर्थ कमेटी हस्तिनापुर**

# વર્તમાન સમાચાર.

## શ્રી ભાવનગરમાં શ્રી મહાવીર જયંતી.

ચાલતા માશની શુદ ૧૩ સોમવારના રોજ આ શહેરના કેટલાક ઉત્સાહી યુવક જૈન બંધુઓએ પરમોપકારી ચરમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુના જન્મ દિવસના માંગલ્ય પ્રસંગને લઇને શ્રીમન્ મહાવીર પ્રભુની જયંતાં ઉજવી હતી જેમાં એક ફંડ કરવામાં આવ્યું હતું. જેમાંથી સવારના મુનિ મહારાજ શ્રી વૃદ્ધિચંદજી જૈન વિદ્યાશાળાના વિદ્યાર્થીને અને બપોરના શ્રી ત્રિભુવનદાશ ભાણજી જૈન કન્યા-શાળાની કન્યાઓને પ્રભુના ચરિત્ર સંભળાવી મીઠાઈ વહેંચી હતી અને રાત્રિના સાડા સાત કલાકે શ્રી દાદા સાહેબની વાડીમાં તે પ્રભુના ચરિત્ર સંબંધી વિવેચનો કરવામાં આવ્યા હતા. આવા ઉત્તમ કાર્ય માટે અમો આનંદ પ્રદર્શીત કરીયે છીયે. અને બીજા ગામ અથવા શહેરોમાં પણ આવી રીતે જયંતી ઉજવવાની સુચના કરીયે છીયે.

## સુધારો.

આ માસિકના બીજા અંકમાં આશ્રવ મિમાંસાના લેખમાં પા. ૩૯ માં બારમી લીંટીમાં જણાવવામાં આવ્યું છે કે "કષાયનો અર્થાત્ રાગ દૂષરૂપ પરિણતિનો સર્વથા આત્યંતિક નાશ તેરમા ગુણસ્થાનકે થાય છે જે ભૂમિકાને "સયોગી" ગુણસ્થાનના નામથી ઓળખવામાં આવે છે, તેને બદલે કષાયનો–રાગ દ્વેષ રૂપ પરિણતિનો સર્વથા નાશ દશમા ગુણસ્થાનકને અંતે થાય છે જે ગુણસ્થાનને સુક્ષ્મ સંપરાય ગુણસ્થાન કહેવામાં આવે છે,

આઠમાં અંકમાં પા. ૨૧૮ સુશીલને બદલે (અધ્યાયી) સમજવું.

## નવા છપાયેલ ગ્રંથોની ઘટાડેલી કીંમત.

૧૨ શ્રી નવાણું પ્રકારી પૂજા વિસ્તારથી અર્થ સહિત. ૦–૪–૦

## આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

૧ શેઠ મોતીચંદ દલીચંદ રે૦ સીસોદરા પે૦ વર્ગના લાઈફમેમ્બર.

૨ સંઘવી વેલચંદ ધનજી રે૦ ભાવનગર (વાર્ષિક મેમ્બરમાંથી) બી૦ વ૦ લાઈફ મેમ્બર.

૩ શેઠ માણેકચંદ જેચંદ રે૦ ભાવનગર પે૦ વ૦ વાર્ષિક મેમ્બર.

# આ સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું અને હાલમાં છપાતા ઉપયોગી ગ્રંથો.

## તેમાં થતો જતો સંખ્યાબંધ વધારો.

### માગધી—સંસ્કૃત મૂળ, અવચૂરિ ટીકાના ગ્રંથો.

| | |
|---|---|
| ૧ "સત્તરીસય ઠાણુ સટીક" | શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી. |
| ૨ "સિદ્ધ પ્રાભૃત સટીક" | પ્રાંતીજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી. |
| ૩ "પ્રતિક્રમણ ગર્ભ હેતુ" | શા. હીરાચંદ ગઢેલચંદની દીકરી બેન પશીબાઇ પાટણવાળા તરફથી. |
| ૪ "દાન પ્રદીપ" | શા. મુળજી ધરમશી તથા દુર્લભજી ધરમશી પોરબંદરવાળા તરફથી. |
| ૫ "મહાવીર ચરિત્ર" શ્રી નેમિચંદ્રસૂરિ કૃત. | શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદરવાળા તરફથી. શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે. |
| ૬ "સંબોધ સિત્તરી સટીક" | શા. કલ્યાણજી ખુશાલ વેરાવળવાળા તરફથી. |
| ૭ "સમયસાર પ્રકરણ સટીક" | શેઠ મોતીચંદ દેવચંદ માંગરોળવાળા તરફથી. |
| ૮ "ગુરૂગુણષટ ત્રિશિંકા સટીક" | શા. સોમચંદ ઊત્તમચંદ માંગરોળવાળા તર. |
| ૯ "ષટસ્થાનક પ્ર—સટીક" | શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઇ રળીયાત બાઇ માંગરોળવાળા તરફથી. |
| ૧૦ "ચૈત્યવંદન મહાભાષ્ય" | શા. ફુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી. |
| ૧૧ "સુમુખાદિમિત્ર ચતુષ્ક કથા" | શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તર. |
| ૧૨ "ષડાવશ્યક વૃત્તિ નમિસા—કૃત" | શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા ત. |
| ૧૩ "પેથડ ઝાંઝણ પ્રબંધ" | શા. મોહનદાસ વસનજી પોરબંદરવાળા તર. |
| ૧૪ "પુન્યધન ચરિત્ર" | શા. મનસુખભાઇ લલ્લુભાઇ પેથાપુરવાળા તર. |
| ૧૫ "કુમારપાળ પ્રબંધ" (શ્રી જિન મંડનગણી કૃત) | શેઠ લલ્લુભાઇ નથુભાઇ પાટણવાળા તરફથી. |
| ૧૬ "સંસ્તારક પ્રકીર્ણ સટીક" | શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા તરફથી. |
| ૧૭ "શ્રાવકધર્મ વિવિધ પ્રકરણ સટીક" | શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા ત. |
| ૧૮ "અષ્ટકજી, ઉપાધ્યાયજી મહારાજશ્રી યશોવિજયજીકૃત મૂલ; અને શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજકૃત જ્ઞાનમંજરી ટીકા સહિત. | |
| ૧૯ "કલ્પસૂત્ર સુબોધિક ટીકા" | શાહ ચુનીલાલ સાકરચંદ પાટણવાળા તરફથી. |

૨૦ "પ્રાચીન ચાર કર્મ ગ્રંથ ટીકા સાથે" શેઠ પ્રેમચંદ ઝવેરચંદ પાટણવાળા તરફથી.
૨૧ "ધર્મ પરીક્ષા શ્રીજિનમંડણગણીકૃત" બે શ્રાવિકાઓ પાટણ તરફથી.
૨૨ "સમાચારી સટીક શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત" શા. લલ્લુભાઇ ખુબચંદની વિધવા બેન એનાબાઈ પાટણવાળા તરફથી.
૨૩ "ઉપદેશ સપ્તતિકા" બ્હેન વીજળીબાઇ વડોરાવાળા તરફથી.
૨૪ "પંચ નિગ્રંથી સાવચૂરિ.
૨૫ "પર્યન્ત આરાધના સાવચૂરિ.
૨૬ "પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી સાવચૂરિ.
૨૭ "બંધોદય સત્તા પ્રકરણ સાવચૂરિ.

## હાલમાં નવા ગ્રંથોની થયેલી યોજના.

૨૮ "પંચ સંગ્રહ." શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી.
૨૯ "ષડ્દર્શન સમુચ્ચય." શેઠ જીવણભાઇ જેચંદ. ગોઘાવાળા તરફથી.
૩૦ "શ્રાદ્ધવિધિ." "
૩૧ "પ્રતિમા શતક લઘુ ટીકા." શા. ગોવિંદજી વિઠ્ઠલદાસ વાળુકડવાળા તરફથી
૩૨ "બૃહતસંઘેયણી જિનભદ્રગણિ" ક્ષમાશ્રમણ કૃત. એક સભા તરફથી
૩૩ "જીવાનુશાસન સટીક." શા. મગનચંદ ઉમેદચંદની વિધવા બાઇ ચંદન પાટણવાલા તરફથી.
૩૪ "શ્રી નેમિનાથ મહાકાવ્ય કીર્તિરાજ ઉપાધ્યાયજી કૃત." એક શ્રાવક તરફથી.
૩૫ "ક્ષેત્ર સમાસટીકા"—શેઠ અમૃતલાલ છગનલાલ ભાવનગરવાળા તરફથી.
૩૬ ""કુવલયમાલા (સંસ્કૃત)"
૩૭ "શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર" શ્રીમદ્ ભાવવિજયજી ગણીકૃત ટીકા. બાબુ સાહેબ ચુંનીલાલજી પન્નાલાલજી મુંબઇવાળા તરફથી.

## એકલા ભાષાંતરના છપાતા ગ્રંથો.

૩૮ "શ્રાદ્ધગુણ વિવરણ" (ભાષાંતર) વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ ભાવનગરવાળા ત.
૩૯ "તપાવલી ( તપ મહોદધિ )" શેઠ આણંદજી પુરૂષોતમના તરફથી.
૪૦ "પૂજા સંગ્રહ" પૂજ્યપાદ ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી મહારાજ કૃત) તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત. )

ઉપરના ગ્રંથો પૈકી કેટલાએક ગ્રંથો છપાવવા શરૂ થયા છે અને કેટલાએક ગ્રંથોની પ્રેસકોપીઓ તૈયાર થઇ છે. તે હવે પછી પ્રેસમાં મોકલવાના છે, તેમજ નવા બીજા ગ્રંથોની પણ યોજના થાય છે, તેની પણ જાહેરખબર હવે આપવામાં આવશે.